


# અધ્યાત્મ

વર્ષ : ૧૯ જુલાઈ-૧૯૯૮ અંક : ૧૦

## * કર્મભાવના *

કર્મ ભાવના સાથે થવું જોઈએ. પગે ચાલીને માણસો વ્રજભૂમિની ને બદરીકેદાર જેવાં તીર્થોની યાત્રા કરે છે. અમે ઋષિકેશમાં હતા; ત્યારે એક માણસની મુલાકાત થઈ. તે દક્ષિણ ભારતમાંથી પગરસ્તે પ્રવાસ કરીને આવતો હતો. કેટલાય મહિને તે ઋષિકેશ આવ્યો હતો. હવે તેને બદરીનાથ જવું હતું ને તે પછી પગે ચાલીને પાછું પોતાના ગામમાં પહોંચવું હતું. શું આવા માણસોને થાક નહિ લાગતો હોય? છતાં તેમના મુખપર ઉત્સાહ ક્યાંથી આવે છે? તેમની ભાવનામાંથી. તીર્થોના દર્શનની દિલમાં રહેલી ભાવના તેમને સદાયે પ્રેરણા આપે છે, તે ભાવના જ તેમને કષ્ટો, મુસીબતો ને મૂંઝવણોની વચ્ચેથી પાર કરીને અજાણ્યા પંથના પ્રવાસી બનાવે છે. તેમને માટે પ્રવાસ એક યજ્ઞ બની જાય છે. તીર્થોનાં દર્શનથી પ્રભુની કૃપા ને પ્રસન્નતા મેળવવાની લગન તેમને તાકત આપીને દૂર દૂર સુધી લઈ જાય છે, કૈલાસની યાત્રા કેટલી કઠિન કહેવાય છે! છતાં કઠિનતા-નો સામનો કરીને માણસો તે યાત્રા પૂરી કરે છે. પ્રભુની લીલાનું દર્શન કરવાની ભાવના તેમને કઠિનતામાં પણ આનંદ આપે છે. તે ભાવનાથી થયેલું કર્મ તેમને માટે કલ્યાણકારક થાય છે, ને સાધનામય બની જાય છે. ભાવનામાં એવી શક્તિ છે.

ભાવનાને લીધે નાનામાં નાનું કામ પણ મોટું થાય છે, ને રસવાળું બની જાય છે. યોગેશ્વરજી


# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

છૂટક નકલ ૪–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૨૫–૦૦

વિદેશમાં રૂા. ૨૦૦–૦૦ (વિમાનથી)

- સંસ્થાપક પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટિબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- તંત્રી–સંપાદક શ્રી નારાયણ હ. જાની.
- સહસંપાદકો શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઈ સી. શાહ.
- પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧
- તંત્રી, મુદ્રક અને પ્રકાશક નારાયણ હ. જાની. ફોન ૫૬૫૮૧૧
- મુદ્રણસ્થાન રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી ૧, બોરડીગેટ, ભાવનગર–૧.


### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિ:સંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૫ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૩ |
| અમૃતપળોના આસ્વાદ–૨ | કલ્યાણ | ૧૨ |
| પૂ. શ્રી યોગેશ્વરજીના જન્મદિનની ઉજવણી | તંત્રી | ૧૮ |
| માસિક ધર્મ અને સાધના | યોગેશ્વરજી | ૧૯ |
| સાક્ષાત્કારી સંત શ્રી રંગ અવધૂત મહારાજ–(૨) | ડો. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્) | ૨૨ |
| પૂ. શ્રીના પત્રોમાંથી આધ્યાત્મિકતાનું અમૃત–૩ | ડો. બી. જે. જાગાણી | ૨૮ |
| પ્રારબ્ધભોગનો મસ્તરામજીનો ઉપદેશ | અજ્ઞાત લેખક | ૩૪ |
| અડિયાર નદીના યોગીનો મેળાપ | યોગેશ્વર | ૪૦ |
| રામકથા | યોગેશ્વર | ૪૫ |
| શ્રીરામકૃષ્ણદેવના સાન્નિધ્યમાં સ્વામી રામકૃષ્ણાનંદ | શ્રીયશસ્વીભાઈ ય. મહેતા | ૫૧ |
| ગાયત્રીમિમાંસા–(૨) | પરમાર્થી | ૫૭ |
| મારે હવે...! | ડો. રણજિત પટેલ (અનામી) | ૬૪ |





# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

–મા સર્વેશ્વરી

વર્ષ : ૧૯ જુલાઈ–૧૯૯૮ અંક : ૧૦


## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

**તા. ૬–૬–૮૧, શનિવાર, જેઠ સુદ ચોથ, ૨૦૩૭**
**સ્થળ : માઉન્ટ આબુ, વિહાર હોટલ પાસે, જીવણભાઈનો રૂમ.**

સવારે સ્નાન બાદ પૂ. શ્રીએ નિયમિત કસરત કરી. આજે પૂ. શ્રીને બ્લેડ ખુલી જતાં વાગી, લોહી નીકળ્યું ઘા મોટો હતો, પણ પૂ. શ્રી ખૂબ સ્વસ્થ હતા. 'સર્વેશ્વરી' પાસે પાવડર કે રૂ ન હતાં. પૂ. શ્રી એ કહ્યું રૂમમાં જાળાં (બાવાં) જે અસ્વચ્છતાને લીધે લાગે છે, તે હોય તો તે લગાડી દઈએ. ને આ રૂમમાં એ જાળાં(બાવાં)ને શોધતાં વાર ના લાગી. ભીંત પર તે લાગેલાં જ હતાં. જેથી તેના પરથી લઈને તે ઘા પર લગાવી દીધાં. લોહી નીકળતું બંધ થઈ ગયું. તાત્કાલિક રાહત થઈ ગઈ. હવે પાવડર કે રૂની જરૂર નથી. એમ કહી પૂ. શ્રીએ કસરતો કરી, નિયમિત લેખન કર્યું.

૧૧ ને ૧૫ મિનિટે દ્વાર ખૂલ્યું, ૧૫ મિનિટ સૌ પ્રણામ કરી બેઠા. સમયસર ભોજન લેવા માટે પાસે જ ગણેશ ભોજનાલય હતું ત્યાં ગયા. ભોજન બાદ લગભગ બે વાગ્યા સુધી સત્સંગ થયો. પણ શ્રી કલ્યાણ ને મીનાબેન સાથે સર્વેશ્વરી નખી તળાવ પર અંજીર ને લસ્સી પૂ. શ્રી માટે લેવા ગયાં.

બધી જ વસ્તુઓ મળી અને ઉતારા પર આવ્યાં. સમય થતાં સૌ વિદાય થયા.

પૂ. શ્રીએ થોડો આરામ કરી, લેખનકાર્ય શરૂ કર્યું વચ્ચે આરામ કરતાં કરતાં પૂ. શ્રીએ આંખ ખોલી. તો સર્વેશ્વરી હજી લેખનકાર્ય કરતાં જણાયાં, જેથી પૂ. શ્રી સર્વેશ્વરીને કહે છેઃ–

"હવે થોડો આરામ આંખ મીંચીને કરો. જેથી આંખને થોડો આરામ મળે."

**સર્વેશ્વરી :** મારે હજી ઘણું લખવાનું બાકી છે.

**પૂ. શ્રી :** આજે તમે સવારે ગુરુગીતા વાંચતા હતાં ને, તો એ વાંચનારે ગુરુની વાત માનવી જોઇએ.

**સર્વેશ્વરી :** હા, પણ આપે જ કહ્યું છે કે સદ્‌ગુરુની વાત માનવી તો આપ ગુરુ કે સદ્‌ગુરુ કે પરમગુરુ તે તો કહો.

**પૂ. શ્રી :** ગુરુઓનો બાપ. (હસીને પૂ. શ્રી કહે છે.)

**સર્વેશ્વરી :** (હસતાં હસતાં) ગુરુઓના બાપ?

**પૂ. શ્રી :** હા, હા. ગુરુઓના બાપનો બાપ.

**સર્વેશ્વરી :** એટલે શું?

**પૂ. શ્રી :** જગતગુરુ

વાર્તાલાપ પૂરો થાય છે. પૂ. શ્રી પોતે હસતાં હસતાં પણ



પોતાનો આવો પરિચય આપે તેથી સર્વેશ્વરીને ખૂબ આનંદ અને સંતોષ થાય છે.

ત્યાર બાદ સર્વેશ્વરી ફરજીયાત થોડો આરામ કરે છે. સવા છ વાગ્યે દ્વાર ખૂલે છે.

સમાહની અજ્ઞાનીઓની વાતો ઉપર રસપ્રદ હાસ્યરસિક વાતો પૂ. શ્રીએ સંભળાવી. ત્યાર બાદ થોડું ફરવા ગયા, ત્યાં વળી થોડી વાતો થઇ.

ઉતારા પર આવી કેરી ને સુખડીનો નાસ્તો લીધો. ત્યાર બાદ ૦।। કલાક ધ્યાનમાં બેસીને આરામ કર્યો.

**તા. ૭–૬–૮૧, રવિવાર, જેઠ સુદ ચોથ, ૨૦૩૭**

**સ્થળ : માઉન્ટ આબુ, વિહાર હોટલ પાસે, જીવણભાઇનો રૂમ.**

સવારે સમયસર નિત્યકર્મ બાદ પૂ. શ્રી લેખનકાર્ય ૧૧–૦૦ સુધી કરે છે. ૧૧ પછી સર્વેશ્વરીએ લખેલાં બે ગીતો પર પૂ. શ્રી સુધારા થઇ શકે એવી શક્યતા બતાવે છે.

ત્યાર બાદ ભોજન લીધું ભોજન બાદ મસૂરીની, બદરી-કેદારનાથની વાતો પૂ. શ્રી કરે છે. ગુરુનાનક પબ્લીક સ્કૂલના સર્જન પાછળ પૂ. શ્રીનો ફાળો કેવો હતો, તે વાત પણ નીકળી.

આજકાલ બાબુભાઇ પોતાના ઉતારા પર શ્રી રામકૃષ્ણદેવનું જીવનચરિત્ર અને વિવેકચૂડામણિ વાંચે છે. પૂ. શ્રીને એની જાણ થતાં પૂ. શ્રીએ વિવેકચૂડામણિ ગ્રંથ અહીં મંગાવ્યો ને કહ્યું, આપણે દરરોજ એક બે શ્લોકો કરીશું.

એટલે ટેબલ પર વિવેકચૂડામણિ પુસ્તક હતું જ, તે પૂ. શ્રીએ લીધું ને એનો પ્રથમ ને બીજો શ્લોક સમજાવતાં કહ્યુંઃ–

सर्व वेदान्तसिद्धान्त गोचरं तम् गोचरम् ।
गोविन्दं परमानन्दं सद्गुरुम् नमामि त्वम् ॥

પ્રથમ શ્લોક આપણે જોઈએ તો તેમાં સર્વ વેદો અને ઉપનિષદોના સિદ્ધાંતોને સમજીએ તો અગોચર, પરમાત્મારૂપી સત્, મનઇન્દ્રિયોનું રક્ષણ કરવાની શક્તિ આપનાર સદ્‌ગુરુને હું પ્રણામ કરું છું.

ભગવાનનું પ્રથમ નામ સત્ જ છે. પહેલાં સત્ જ હતું. પરમાનંદ સ્વરૂપ એટલે જ્યાં જ્ઞાન હોય ત્યાં આનંદ હોય જ. એવા સદ્‌ગુરુને પ્રણામ કરું છું.

પણ, બ્રહ્માનંદમ્ ને બદલે વિષયાનંદમ્ પરમસુખદં ને બદલે પરમદુઃખદં કેવળ જ્ઞાનમૂર્તિને બદલે કેવળ અજ્ઞાનમૂર્તિમ્ દ્વન્દ્વાયુક્તમ્ ત્રિગુણસહિતમ્ હોય તો તે ગુરુ સદ્‌ગુરુ નહીં કહેવાય.

અહીં તો સદ્‌ગુરુને જ પ્રણામ કર્યાં છે.

શંકરાચાર્ય કહે છેઃ—

जन्तुनां नरजन्म...
...पुण्यै विना लभ्यते ॥ २ ॥ વિવેકચૂડામણિ

માનવ જન્મ દુર્લભ છે. કૂતરાં, બિલાડાં કાંઇ આવી ચર્ચા કરે? મકાનો કાંઇ બાંધે? અરે, પુસ્તકો લખે કે વાંચે ખરાં! અરે, એ બધાં કાંઇ યાત્રા કરે?

એટલે જ મનુષ્યજન્મ દુર્લભ કહ્યો.

એમાંયે પૌરુષ. અહીં પુરુષ અર્થ નથી લેવાનો. ઘણાં પુરુષો સ્ત્રીઓ જેવા ને ઘણી સ્ત્રી પુરુષો જેવા જ અભિનય કરતાં દેખાય છે. અહીં તો પૌરુષ જેમાં છે. તે વળી બ્રાહ્મણત્વ એટલે જન્મે



બ્રાહ્મણ કે જનોઇ પહેરી તે નહિ, પણ ગાયત્રી સંધ્યાવંદના કરતો હોય તે, વળી વેદોમાં લખાયેલા ઉપદેશોનું અનુસરણ કરતો હોય, અને વિદ્વાન હોય, વિવેકી હોય, તે વળી એથીયે અઘરું છે. વળી આત્માની અનુભૂતિવાળો હોય, આત્માને પરમાત્મા તરફ વાળવો, વળી એથી યે અઘરું કાર્ય છે. અને મુક્તિ થવી એ ખૂબ કઠિન. સો કરોડ જન્મનું પુણ્ય ભેગું થાય તો તે મુક્ત થાય.

પણ આજકાલ મુક્તિ બધાને ક્યાં જોઇએ છે? બધા મોટે ભાગે ભુક્તિ (વિષયોના ઉપભોગો) જ માગે છે.

કોઇક જ ભુક્તિ ને બદલે ભક્તિ તરફ વળે તો વળી તે મુક્તિને પામે.

ભુક્તિવાળા ગમે તેવી યુક્તિ કરે, તોપણ મુક્તિ ન પામે.

પણ જો સુક્તિ—વેદોની ને ઉક્તિ સંતોની સ્વીકારે તો તે કામ લાગે.

આવી ગુરુ જ્ઞાનભરી વાતો કરી પૂ. શ્રીએ બે શ્લોકો સમજાવી વાત બંધ કરી. સૌ વિદાય થયા.

પૂ. શ્રીએ આરામ કર્યો, પણ લાઇટ જતાં ફરી તરત જ બેઠાં થઇને લેખનકાર્ય શરૂ કર્યું.

છ વાગ્યે દ્વાર ખોલ્યું ત્યાં તો પાલનપુરથી આઠ ભાઇઓ પૂ. શ્રીને મળવા આવે છે. એટલે આજે મુલાકાતીઓ ૧૩ થયા, ઓરડો ભરાઇ ગયો હતો. સૌ પ્રણામ કરી બેઠા છે.

પૂ. શ્રીએ વાતો શરૂ કરતાં પૂછ્યું:—"પાલનપુરમાં ધાર્મિક જાહેર કાર્યક્રમો થાય છે ખરા?

એક ભાઇઃ—મુરારીદાસનું હમણાં જ રામાયણ પારાયણ થવાનું છે. તેઓ સારું સમજાવે છે.

પૂ. શ્રીઃ–જુઓ, ગુજરાતી પુસ્તક એક જ, પણ ભણવાની રીત જુદી જુદી.

અમારા એક પ્રોફેસર ગાડગીલ હતા તે સંસ્કૃતમાં રત્નાવલી ભણાવતા. સંસ્કૃત વિષય એવો છતાં વિદ્યાર્થીઓ તેની રાહ જોતા. બે પિરીયડ હોય તો સારું. એવું ઇચ્છતા.

તે પ્રોફેસર ગાડગીલ જમાનાને જાણે. એટલે બાળકોને રસ પડે તેમ અભિનય સાથે ભણાવે, એટલે ખૂબ રસ પડે.

પણ બીજા એક પ્રોફેસર હતા વેલનકર–સંસ્કૃતના ખાં. પણ તેની રીત વળી જુદી જ હતી.

એ રીતે કથા રામાયણની હોય કે ભાગવતની હોય, પણ તેને કેવી રીતે મુકાય છે, તેના પર આધાર છે.

પૂ. કૃષ્ણશંકર શાસ્ત્રી કંઇ ઓછા વિદ્વાન છે! સંસ્કૃત ઘણું સારું જાણે, પણ ઘણી સારી કથા કરે છતાં લલાટના લેખ પ્રમાણે યશ મળ્યા કરે.

કથામાં ઘણાને રસ પડે, પણ ઘણીવાર કથાકાર જીવનરસમાં પડતા નથી. તમારી કથાથી ઘણાં જાગે પણ તમે જાગી ન પણ શકો. તમારી કથા સાંભળી કોઇને શ્રદ્ધાભક્તિ ધ્રુવ જેવી જાગે, પણ તમારામાં એવી શ્રદ્ધા ન પણ જાગે.

એટલે કથાકારના જીવનમાં પણ સુધાર થાય તો સારું. પણ સંસારની માયા એવી છે ને ભલભલાને ગુલાંટ ખવડાવી દે.

માણસ કથા કરવામાં, પધરામણીમાં, અહંકારમાં પડી જાય, જીવનમાં તપ, સાધના આવવું જોઇએ તે આવતું નથી.

પ્રશ્ન : આજે અમે એક આધ્યાત્મિક પ્રદર્શન જોવા ગયા તેમાં લખ્યું હતું કે ઈશ્વર સર્વવ્યાપક નથી, તો એનો શો અર્થ?



પૂ. શ્રી : હવે તો એની ચર્ચાનો કોઇ અર્થ નથી.

વિજ્ઞાન જ એ વાત સિદ્ધ કરે છે, જે ધર્મમાં છે. તે બધી જ વાતો વિજ્ઞાન બતાવે છે.

વિજ્ઞાન કહે છે. જે જગ્યા રૂમમાં જુઓ છો, તે અવકાશ કે વેક્યુમ નથી, પણ દરેક જગ્યામાં હવાના પરમાણુ છે. બ્રહ્માંડમાં હવા સર્વવ્યાપક છે. હવે શબ્દ વ્યાપક છે તે ટેલીફોનથી સાંભળી શકીએ. બધે રેડીયો હોય તો તમે તરત જ શબ્દો પકડી શકો.

હવા ઠંડી છે કે ગરમ, તે આંખથી દેખાતી નથી, પણ તમે અનુભવી શકો કે વરસાદ પછી હવા ઠંડી થાય છે. હવાને જોતા નથી પણ અનુભવો છો.

તો શબ્દ ને હવા જેમ સૂક્ષ્મ છે. જોઇ શકાતા નથી, તો એનાથી પણ વધારે સૂક્ષ્મ તો આત્મા છે. આત્મા વિના જીવાય જ નહીં. આત્માને જલ્દી જોઇ શકાતો નથી, પણ અનુભવી શકાય છે.

આપણી વાણી કે દૃષ્ટિ પાછળ કોની શક્તિ છે? આત્માની શક્તિથી આપણે બોલી શકીએ કે જોઇ શકીએ છીએ. એ અનુભવી શકીએ છીએ.

દૂધમાં ને પાણીમાં અરે, આપણા ગડફામાં અસંખ્ય જીવો છે. તે આપણે જોઇ શકતા નથી, પણ સૂક્ષ્મદર્શક યંત્રવડે જોઇ શકાય છે.

એ રીતે આત્મા પણ વ્યાપક છે. આપણા મનને નિર્મળ કરીએ એટલે મન સૂક્ષ્મ થઇ જાય તો તમે તમારામાં રહેલા ચેતનને ઓળખી શકશો.

એટલે આત્મા વ્યાપક નથી. અથવા ઈશ્વર વ્યાપક નથી. એવું એવું તો ઘણું તમે સાંભળશો.

બજારમાં ઘણાં બોર્ડો હોય છે. લિજ્જતદાર ચાનું, બીડીનું પણ એ બધા બોર્ડને મહત્ત્વ ન આપો.

અંગ્રેજીમાં બે શબ્દો છે.

Board = બોર્ડ = પાટીયું.

Broad = બ્રોડ = વિશાળતા.

આપણે બોર્ડને મહત્ત્વ ન આપતાં, વિશાળતાને મહત્ત્વ આપવું.

ધર્મના નામે ઘણા બોર્ડો આવશે, પણ વિવેકી બનીએ તો ભરમાઈ ન જઈએ.

પ્રશ્ન:—ભગવાન રજનીશ અમેરીકા કેમ ગયા?

પૂ. શ્રી:—એ જાય એમાં આપણે શું?

એક વાત યાદ રાખો. બીજા શું કરે છે, બીજા ક્યાં ગયા તેના વિવાદમાં ના પડો. એ તો ભૂલભૂલામણી છે.

કોઈ ક્યાં ગયું, એને બદલે આપણે ક્યાં રહેવું ને ક્યાં જવું છે તે વિચારી લેવાનું.

બજારમાં નીકળીએ આંખ છે. એટલે બોર્ડ તો તમને વંચાય, તેમ અમને પણ વંચાય. ઠીક છે. વાંચો, વિચારો, જાણો પણ, વધારે મહત્ત્વ આપણા જીવનના જ નિરીક્ષણને, પરીક્ષણને આપો. જીવનની શુદ્ધિમાં જ સમય ગાળો, તો પછી આપણને એવી બીજી વાતો માટે સમય જ નહિ રહે.

બધી દુકાનો છે. દુકાનો ન હોય ત્યાં રેંકડીઓ પણ છે. પણ



આપણે કઈ દુકાનેથી કેવો માળ લેવો, તે વિચારવાનું છે.

એ વિચારવાની વિવેકભરી દૃષ્ટિ સત્સંગથી જ આવશે.

ઘડિયાળમાં સાત વાગી ગયા. પૂ. શ્રીએ કહ્યું, "હવે શું કરશો? ફરી આવીએ થોડું.

એ શબ્દો સાંભળતાં સૌ ઊઠીને પ્રણામ કરી ઊભા રહ્યા. પાલનપુરવાળા ભાઈ કેરી, બદામ, મીઠાઈ વગેરે પૂ. શ્રીના ચરણે ધરે છે. પૂ. શ્રી તેમાંથી બધાને જ થોડું થોડું આપે છે. અને કહે છે.

યજ્ઞ કરીને ખાનાર અમૃતની પ્રાપ્તિ કરે છે. એટલે આ યજ્ઞ થઈ ગયો હવે અમે આટલું રાખી શકીએ.

સૌ સાથે પૂ. શ્રી દૂર સુધી ફરવા જાય છે. વળી ઊતારા પર આવીને પૂ. શ્રી દૂધ, કેરીનો નાસ્તો લે છે.

૦॥ કલાક ધ્યાનમાં બેસીને પછી અડધો કલાક લેખનકાર્ય કરે છે. સર્વેશ્વરી પણ એ જ કાર્યક્રમમાં જોડાય છે.

લગભગ પોણા અગિયારે પૂ. શ્રી આરામ કરે છે. હરિઃ ૐ

(ક્રમશઃ)

અંબાજીમાં ક્યાં ઉતરશો?
"સ્વર્ગારોહણ"
માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ
"સ્વર્ગારોહણ", દાંતા રોડ, અંબાજી. (ઉ. ગુ.) ૩૮૫૧૧૦
એસ. ટી. ડી. ૦૨૭૪૯/ ટે. નં. ૬૨૨૬૯

# અમૃતપળોનો આસ્વાદ–૨

(ગતાંકથી ચાલુ) કલ્યાણ

## આર્યનિવાસની અલૌકિક દુનિયા

પરમાત્માના માતૃસ્વરૂપની આ વિશેષતા છે. આ માતૃસ્વરૂપના દર્શનનો યોગ સદ્‌ભાગી પ્રેમીજનોને અહીં આર્યનિવાસમાં સહજ સાંપડી ગયો છે.

પૂ. માનું સૌથી પરમપ્રિય બાળક તે આશા. આશાના જીવનમાં પણ સ્વર્ગના સામ્રાજ્યનો સુવર્ણયુગ હતો. યૌવન, સૌંદર્ય, સંપત્તિ, પ્રતિષ્ઠા, બુદ્ધિમત્તા સહિત શું એમની પાસે ન હતું એ જ સવાલ છે. તેમની જીવનસરિતા સુખ ભરપૂર વહેતી હતી, પરસ્પરની ગાઢ પ્રીતિ, વફાદારી અને વિશ્વાસે તેમના દાંપત્યજીવનને ચાર ચાંદ લગાડી દીધા હતા! તેમાંયે વિકાસના આગમને તો જાણે સુખની સીમાને ભૂંસી નાંખી હતી! કલ્પનાની પાંખે ઊડયા કરીએ તોપણ જેનો અંત ના આવે તેવું સુખનું સામ્રાજ્ય ચારેય દિશામાં પથરાયેલું પડયું હતું. આઠેય પ્રહર સુખના જામ ભરાતા હતા! અને ઠલવાતા હતા!

આવા સુખના એવરેસ્ટ શિખરે બેસીને જ્યારે સુખની સમાધિની મસ્ત દશામાં મગ્ન હતા ત્યારે વિધિએ એકાએક કરેલા પ્રચંડ પ્રહારથી સુખના શિખરેથી ક્યારે દુઃખની અગાધ ખીણમાં ભૂસ્કો લાગી ગયો તેનો ખ્યાલ પણ ન રહ્યો! બુદ્ધિ જ બહેર મારી ગઇ! એ દ્વિધાની દુનિયામાં જ્યારે આશાએ આંખો ખોલી તો પૂ. માએ તેને પોતાની ગોદમાં ઝીલી લીધી હતી, ક્યાંય દુઃખનો એક



લસરકો પણ થવા ન દીધો. કંઇક ઉઝરડો થાય એ પહેલાં તો પૂ. માએ તેને અધરોઅધર અધવચ્ચેથી જ ઝીલી લીધી.

દ્રૌપદીની વહારે ચઢવામાં તો પ્રભુ દ્રૌપદીની પ્રાર્થનાની રાહ જોતાં રહ્યા! પ્રભુએ ચીર પૂર્યા ખરાં પણ દુઃશાશને ખેંચ્યા પછી જ. જ્યારે પૂ. માએ તો આશાને પ્રાર્થના કરવાની તક પણ નથી આપી. આશાને આ દુઃખદ ઘટનાની જાણ થાય તે પહેલાં તો પૂ. મા સૂક્ષ્મ સ્વરૂપે આશા પાસે પહોંચી ગયા. આશાએ સ્પષ્ટ અનુભવ્યું કે પૂ. માની સૂક્ષ્મ હાજરી સતત રહેવાથી પતિવિયોગનો આઘાત તેના માટે સહ્ય બની ગયો!

ભક્તાધીન ભગવાનનું અનુપમ લીલાદર્શન આપણે અહીં આ પ્રસંગમાં કરી રહ્યા છીએ. આશા હમેશાં પૂ. માનું પ્રિયપાત્ર રહી છે તો આશાને પણ પૂ. માટે એટલો જ પ્રબળ ભક્તિભાવ! આજથી સોળ વર્ષ પહેલાં આશાને જ્યારે પોતાના કોલેજજીવન દરમ્યાન પૂ. માના સાન્નિધ્યમાં એક જ ઘરમાં સૂરતમાં કેટલાક દિવસો સાથે રહેવાનું બન્યું ત્યારે પોતાના પ્રાણપ્યારા પ્રભુ પૂ. માને પોતાના દિલમંદિરમાં પધરાવી અદ્‌ભુત અનુરાગભરી અંજલિઓ અર્પી છે. એ ઈતિહાસની સાક્ષીપૂરતી આશાની ડાયરીઓના પાના ભગવદ્‌પ્રેમના અમર દસ્તાવેજ સમાં છે. એ પ્રેમની ધારાએ પૂ. માના શ્રી ચરણોને સદાય પખાળ્યા છે.

પછી તો આશાએ પોતાનું સુંદર સંસારીજીવન સજાવ્યું અને માણ્યું, એ પણ પૂ. માના પ્રેમની સાક્ષીએ, અને જ્યારે ભરયુવાનીમાં પતિવિયોગનો પ્રસંગ આવ્યો ત્યારે પણ આશા કહે છે તેમ "પૂ. માની સતત સૂક્ષ્મ હાજરી અનુભવી છે. મારા જીવનની આ કટોકટીની પળે જો મેં પૂ. માનું સૂક્ષ્મ સાન્નિધ્ય નિરંતર ન

અનુભવ્યું હોત હું પાગલ થઇ ગઇ હોત!" કેવો વસમો ઘા આશાના હૈયામાં લાગ્યો હતો તે આ શબ્દો સાક્ષી પૂરે છે.

હવે ભક્તાધીન ભગવાનનું લીલાદર્શન જુઓ. આશા લખે છે કે આ દુઃખની કાંટાળી કેડીપર પૂ. માએ મને ચાલવા જ નથી દીધી! પૂ. મા તો દોડીને આવ્યાં ને હું એક પણ ડગલું આ દુઃખની દુનિયામાં ભરું તે પહેલાં તો સામેથી દોડી આવીને મને ઊંચકી લીધી!

ભગવાન જલારામના જીવનનો એક પ્રસંગ છે. તેમનો એક ભક્ત ખેતરમાં બપોરવેળાએ બાવળના ઝાડ નીચે સૂતો હતો ત્યાં અચાનક આંધી ચડી આવતાં બાવળ તેની પર પડયો. પડતા બાવળને જોઇ તે બૂમ પાડી ઊઠયો હે જલારામબાપા બચાવજો! એ બાવળ પડતા અડધે જ અટકી પડયો. બાપાએ પોતાના ભક્ત-ની રક્ષા કરી અને બાવળનો ઘા પોતાના શરીર પર ઝીલી લીધો હતો. તેના વાગેલા કાંટા પાછળથી કોઇ ભક્ત પાસે પૂ. બાપાએ પોતાના વાંસામાંથી કઢાવેલા.

ભક્તને પડેલા ઘાના સોળ ભગવાનના વાંસામાં ઊઠયા હોય તેવાં ઉદાહરણો ભક્તોના જીવનમાં જોવા મળે છે. અહીં પણ એ જ અલૌકિક ઇતિહાસનું પુનરાવર્તન જોવા મળે છે. આશાના દિલમાં પડેલો કારમો ઘા પૂ. માએ સીધો જ ઝીલી લીધો છે. પોતાના શરણાગત ભક્તની પળેપળની ચિંતા પૂ. માએ કરી છે, એટલું જ નહીં પણ પોતાની સમર્થશક્તિથી દૂર હોવા છતાં સૂક્ષ્મ હાજરીનો અનુભવ આશાને કરાવી સતત તેની પડખે રહ્યાં છે. એ ચિંતીત અવસ્થામાં પૂ. મા પોતાના બંધ ઓરડામાં કેવળ આશામય બની ગયાં હતાં. આશાના દુઃખનો ભાર પોતાના પર



ઊંચકીને રાતદિવસ એ બંધ ઓરડામાં ઘૂમતાં રહ્યાં!

ભગવાન પોતાના ભક્તના પ્રેમને કેટલા પરવશ હોય છે તે ભક્તાધીન ભગવાનનું દર્શન આપણે પૂ. માના જીવનમાં અહીં કરી રહ્યા છીએ. પૂ. મા પોતાની આટલી બધી ચિંતા કરે તે આશાને પણ ગમે નહીં. છતાં પૂ. મા રહી શક્યાં નથી. એ જગતજનની પોતાનું અસલ બીરુદ ભૂલીને માત્ર આશાજનની બની ગઇ! ખરેખર માતૃહૃદયની વાત જ કંઇક ઓર છે. પર-માત્મા જ્યારે પરમમાતાનું સ્વરૂપ ધારણ કરે છે ત્યારે એ પરમ પ્રેમ સોળેય કળાએ ખીલી ઊઠે છે. એ પ્રેમ જાણે કોઇ બંધન, કોઇ મર્યાદા, કોઇ શરત માનવા તૈયાર નથી. તેનું પ્રત્યક્ષ સાક્ષાત સ્વરૂપ કેવું હોય તે વર્તમાન સમયમાં પૂ. માના લીલાદર્શનમાં જોવા મળે છે.

પૂ. માનું અસીમ વાત્સલ્ય, અસીમ કરુણા, અસીમ દયા, અસીમ કૃપા અનંતધારે આશાપ્રતિ સહજ વહ્યાં છે.

અત્યાર સુધી આશાને પોતાના પતિનો બે હાથનો સહારો હતો, પરંતુ હવે એ હાથ અદૃશ્ય થતાં, પૂ. મા સ્વયં હજાર હાથે વહારે ધાયાં છે. પૂ. માએ આશાને કેટલાક ભારે પ્રેરણાદાયી પત્રો લખ્યા છે. એ પત્રસ્વરૂપમાં જીવનમંત્રો છે. આ જીવનમંત્રો નવજીવનના સંદેહવાહનો છે. નવી જ આશા, નવી જ સ્ફૂર્તિ, નવો જ ઉત્સાહ એ મંત્રોમાંથી સ્ફૂર્યા કરે છે. અંતરથી લખાયેલા પત્રોમાં કેવી આત્મીયતા હોય છે તેનો સ્પર્શ વાંચતા જ અનુભવાય છે. પૂ. મા તેમાં શબ્દે શબ્દે પ્રકટયા છે. એ પત્રરૂપી માતૃગીતાએ પોતાના અર્જુનને વિષાદમાંથી બેઠો કરીને જીવનનો જંગ જીતવા સાબદો કર્યો છે. જીવનનાં મહાભારતના યુદ્ધમાં જે અર્જુનો વિષાદમય બની ગયા છે તે બધાને માટે આ પત્રરૂપી

માતૃગીતા જીવનમંત્ર સમી છે. ભાવિ પેઢી માટે તે દીવાદાંડીની ગરજ સારશે.

આમ પૂ. માએ જાણે એક સુરક્ષા કવચ આશાની આસપાસ રચી દીધું હતું. પોતાની સૂક્ષ્મ ઉપસ્થિતિદ્વારા, પત્રોદ્વારા અને આશાની પરમપ્રિય સખી પૂર્ણિમાને આશાની પાસે રાખીને તેની એકલતાને વિસારે પાડી દીધી હતી. સંસારસાગરની સફરે નીકળેલી આશાની જીવનનાવને મધદરીયે જે આંધીએ ઊંધી વાળી તેને વળી સવળી કરીને પ્રભુના પ્રેમ પારાવારમાં તરતી મૂકી દીધી. જ્યાં હવે કોઇ આંધીની આશંકા નથી.

શ્રી મધુભાઇના દિવંગત આત્માના ઉદ્ધાર માટે પણ પૂ. માએ કોઇ પ્રયાસ બાકી રાખ્યો નથી. સોમનાથ ભગવાનના સાન્નિધ્યમાં ત્રિવેણી સંગમમાં શ્રી મધુભાઇનાં અસ્થિ વિસર્જન માટે પૂ. મા પધાર્યાં અને અસ્થિઓનો શેષભાગ ગંગાજીમાં પધરાવવા માટે છેક હરિદ્વાર પણ પધાર્યાં છે. ગંગાજીમાં અસ્થિ વિસર્જનની સાથે સાથે ગંગાતટે દાન અને યજ્ઞની પવિત્ર ક્રિયાઓદ્વારા પણ દિવંગત આત્માની શાંતિ માટે બધા જ કાર્યો કર્યાં.

આમ આ કઠિન દિવસોમાં પૂ. મા ખરેખર આશાનો પડછાયો બનીને સાથે રહ્યાં છે. એક ક્ષણ પણ તેને એકલવાયું લાગવા દીધું નથી. થોડા દિવસો હરિદ્વાર રહીને આશા વાવ ગઇ છે તોપણ, દૂર બેઠાં બેઠાં પણ સતત આશાના હિતનું ચિંતન કરી રહ્યાં છે.

પૂ. માનું ભક્તાધીન ભગવાનનું લીલાદર્શન એટલું તો ભાવ-વિભોર કરનારું એ સંપૂર્ણ છે કે તેની અનન્યતાનો ભક્તહૃદય વિના પાર નહીં પામી શકાય! ભક્તને ભગવાનને માટે તડપતા, તલસતા, ઝંખતા, વ્યથિત થતા જોઇએ છીએ, પરંતુ પૂ. માને



પોતાના આ બંને બાળકો માટે વ્યથિત હૃદયે સંવેદના અનુભવતા જોવા તે ખરેખર વિરલ દર્શન હતું. બંને બાળકો માટે પૂ. માએ તેના કલ્યાણનો કોઇ પ્રવાસ બાકી રાખ્યો નથી. બંનેનું આંખોની જેમ જતન કર્યું છે.

પોતાના બાળકો માટેનું આવું વાત્સલ્યવિભોર દર્શન માતૃ-શક્તિ વિના શક્ય નથી. જેમણે પૂ. મા સર્વેશ્વરીની વાત્સલ્યની વ્હાલપ માણી નથી તેમને સમજાવવાનો કોઇ ઉપાય નથી. અવ-તારોમાં પણ અતિવિરલ એવા પરમશક્તિ મા સર્વેશ્વરીનો લીલા-વિહાર આ પૃથ્વીપર ચાલી રહ્યો છે તે તેમનાં બાળકો માટેની કરુણા અને કૃપા થકી જ શક્ય બન્યો છે. આ ધરીત્રીએ આવું સાક્ષાત્ સંપૂર્ણ પ્રેમપૂર્ણ, વાત્સલ્યવૈભવની રીદ્ધિસિદ્ધિથી પૂર્ણ સુશોભિત, પ્રેમપૂર્ણ પ્રસન્નતાથી નીખરી ઊઠેલું આવું સકલ કલા-વિભૂષિત માતૃસ્વરૂપનું દર્શન પ્રથમ વખત જ પ્રકટેલું જોયું છે.

આપણે આ તક ઝડપી લઇએ. આપણે પણ પૂ. માના પ્રેમ અને કૃપાના ચાતક બની જઇએ. આશા અને શ્રી નારાયણભાઇ-ની જેમ પ્રેમ અને નિર્દોષતા આંખમાં આંજી ને સજ્જ થઇશું તો પૂ. મા તો ક્યારનાં પોતાના વ્હાલભર્યા વરદહસ્ત લંબાવીને પોતાની ગોદમાં લઇ લેવા ઉત્સુક છે.

ધરીને દેહ દુનિયામાં, રહે તમને જ જે માગી,
તમે પણ તેમને માટે, ખરે દેતાં બધું ત્યાગી.

પૂ. શ્રી યોગેશ્વરજીના

# જન્મદિનની ઉજવણી

ભાઈશ્રી,

પ. પૂ. મહાત્મા યોગેશ્વરજીની ૭૮ મા પ્રાગટય દિન તા. ૧૫ મી ઓગસ્ટ ૧૯૯૮ ના રોજ શનિવારે પૂજ્ય માની આજ્ઞાથી અમદાવાદમાં સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટના ઉપક્રમે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ પ્રસંગ માટે નવરંગપુરા મીઠાખળી વિસ્તારમાં આવેલ, સરદાર પટેલ સેવા સમાજ હોલ રાખવામાં આવ્યો છે. સાધના શિબિરનો વિગતવાર પોગ્રામ આમંત્રણ પત્રિકા મારફતે મોકલવામાં આવશે. પોગ્રામનો સમય ૯–૩૦ થી ૫–૦૦ સુધી રાખવામાં આવશે.

આ ઉજવણીમાં ભાગ લેવા ઇચ્છતા સાધક ભાઈબહેનોએ તેમનાં નામ અને સંખ્યા શ્રી બાબુભાઈ વોરા, ૩૧, ગવર્નમેન્ટ સરવન્ટસ સોસાયટી, નવરંગપુરા, અમદાવાદ–૯ ને તા. ૧–૮–૯૮ પહેલાં લખી જણાવવી. ધ્યાનકેન્દ્રોના સંચાલકો પોતાનાં કેન્દ્રોની સંખ્યા વેળાસર લખી જણાવે.

આપનો વિશ્વાસ,<br>
બાબુભાઈ વ્હોરા,<br>
મેનેજીંગ ટ્રસ્ટી



# માસિક ધર્મ અને સાધના

યોગેશ્વરજી

**પ્રશ્ન** : સ્ત્રીઓ જ્યારે માસિક ધર્મમાં હોય છે ત્યારે એમનાથી પાઠપૂજા, જપ, ધ્યાન, પ્રાર્થના અને સ્વાધ્યાય અથવા ધર્મગ્રંથોના વાચનની સાધના થઈ શકે કે ના થઈ શકે? કેટલાક લોકો, વિદ્વાનો કે સંતપુરુષો એ બાબતમાં ખૂબ જ કડક હોય છે ને કહે છે કે એમનાથી કશું જ ના થઈ શકે. એમણે તો કાંઈ પણ કર્યા સિવાય એક ઠેકાણે બેસી જ રહેવું જોઈએ.

**ઉત્તર** : મને પોતાને એમની પેઠે કડક થવાનું ઠીક નથી લાગતું.

**પ્રશ્ન** : તો પછી તમે એ સંબંધમાં શું માનો છો?

**ઉત્તર** : મારું માનવું છે કે માસિક ધર્મના દિવસોમાં પણ સ્ત્રીઓથી પાઠ, જપ, ધ્યાન, પ્રાર્થના અને સ્વાધ્યાય અથવા ધર્મગ્રંથોનું વાચનમનન થઈ શકે.

**પ્રશ્ન** : એવું કરવાથી કશું નુકસાન ના થાય?

**ઉત્તર** : ના. એમાં નુકસાન થાય એવું કશું છે જ નહિ, એટલે નુકસાન થવાની આ શંકા નકામી છે. એથી નુકસાન થવાને બદલે બધી રીતે લાભ જ થાય છે.

**પ્રશ્ન** : બધી રીતે?

**ઉત્તર** : હા. બધી જ રીતે. એને લીધે સમયનો સદુપયોગ થાય છે ને સમય સુધરે છે. જીવનની પ્રત્યેક પળ મૂલ્યવાન છે.

એનો સદુપયોગ થવો જ જોઇએ. બનતી બધી જ પળોને ધર્માચરણમાં લગાડી દેવી જોઇએ. જીવન અતિશય ચંચળ છે. તે પાણીના રેલાની પેઠે ઝડપથી વહી રહ્યું છે. તેનો કશો ભરોસો નથી તે ક્યારે સમાપન થશે કે તેના પર ક્યારે પડદો પડી જાય. તે પહેલાં જેટલું બને તેટલું સત્કર્મ કરી લેવું જોઇએ. માસિક ધર્મના દિવસોને પણ વ્યર્થ શા માટે ખોવા? તે દિવસો દરમિયાન અને બીજા બધા જ દિવસો દરમિયાન કોઇ જાતના કુકર્મને ના કરવું જોઇએ. એવું કુકર્મ ના થાય તેનું જેટલું બને તેટલું ધ્યાન પણ રાખવું જોઇએ. પરંતુ સત્કર્મ કરવાથી કશો દોષ નથી લાગતો. સત્કર્મનો ત્યાગ તો કદાપિ ના કરવો જોઇએ.

**પ્રશ્ન :** તો પછી માસિક ધર્મના દિવસો દરમિયાન મંદિરમાં જઇ શકાય કે વિધિપૂર્વક પૂજા કરી શકાય?

**ઉત્તર :** મંદિરમાં જવાનું અને વિધિપૂર્વક પૂજા કરવાનું કામ એટલા દિવસો પૂરતું પરંપરાને માન આપીને બંધ રાખી શકાય, પરંતુ પ્રાર્થના, જપ, ધ્યાન, પાઠ ને સ્વાધ્યાય વિના સંકોચ કરી શકાય છે ને કરવાનો આગ્રહ રાખવો જોઇએ. માનસિક પૂજા કરવામાં કશી જ હરકત નથી ને ના હોવી જોઇએ. યોગની આસન તથા પ્રાણાયામ જેવી ક્રિયાઓથી વધારે પડતો શારીરિક પરિશ્રમ પડતો હોઇ, અને એ દિવસો વિશેષે કરીને શારીરિક આરામના હોઇને એવી ક્રિયાઓને ના કરવી જોઇએ.

**પ્રશ્ન :** કેટલાક લોકો કહે છે કે એ દિવસોમાં જપ કરવાથી ને ગીતા કે રામાયણ જેવા ગ્રંથો વાંચવાથી પાપ લાગે છે.

**ઉત્તર :** એમનું કથન બરાબર નથી. એથી પાપ લાગે છે એવું કોઇ પણ વિવેકી પુરુષ નહિ માની શકે, જે વિવેકને ગીરે



મૂકીને વિચારે છે કે બોલે છે તેમની વાત જુદી છે. એવા પુરુષોથી ખોટી રીતે પ્રભાવિત થવાનું ઠીક નથી. ગીતા કે રામાયણ જેવાં ધર્મપુસ્તકોને વાંચવા વિચારવાથી પાપમાંથી મન પાછું વળે છે ને પાપ દૂર થાય છે એવું કોઇ કહેતું હોય તો તે સહેલાઇથી સમજી શકાય તેવું છે, પરંતુ એથી પાપ લાગે છે એવું કથન બરાબર નથી લાગતું. માણસ શુભાશુભ દશામાં આળસુ બનીને બેસી રહે ને ગમેતેવા અમંગલ વિપરીત વિચારો કરે એના કરતાં તો ઈશ્વરસ્મરણ કરે કે ઉત્તમ પ્રકારનાં પુસ્તકો વાંચે તે વધારે સારું, આવકારદાયક અને લાભકારક છે. એને માટે તો એને બનતી બધી રીતે પ્રોત્સાહન આપવું જોઇએ.

**પ્રશ્ન :** તો પછી સમાજમાં આવા ઊલટા કે ભળતા વિચારો કે ખ્યાલો શા માટે પ્રચલિત છે?

**ઉત્તર :** એનું એક કારણ સમાજમાં ચાલતી આવતી રૂઢિ છે. બધા તે પ્રમાણે ચાલે છે ને ચલાવવાનો આગ્રહ રાખે છે. બીજું કારણ સ્વતંત્ર કે તટસ્થ વિચારસરણીનો અભાવ છે. ત્રીજું કારણ સાચું સમજવા છતાં એને અમલ કરવાની નૈતિક હિંમત નથી હોતી તે છે. પરંતુ જેમ જેમ વિવેકશક્તિ વધતી જશે અને નૈતિક હિંમત પણ વધશે તેમ તેમ સાચું હશે ને સમજાતું અને અમલમાં મૂકાતું જશે.

○

સાક્ષાત્કારી સંત

# શ્રી રંગ અવધૂત મહારાજ–(૨)

(ગતાંકથી આગળ)

ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્)

## સંતનું ચિંતન

એમનું અધ્યાત્મચિંતન જે સ્મરણીય, મનનીય ને આચરણીય છે તે જોઈએ.

## સાચા સંત

સાચા સંત મળવા દુર્લભ છે, મળે તો ઓળખવા દુર્લભ છે અને ઓળખાય તો જીરવવા દુર્લભ છે. સાચા સંત બોલતો નથી, છતાંય એના મૌનમાંથી જે મળે છે તે તેના બોલવાથી મળતું નથી, તે બોલતાં છતાંય મૂગા છે, સાંભળતા છતાંય બહેરા છે, જીભ છતાંય રસહીન છે, આંખો છતાંય આંધળાં છે, કારણ કે એની એ કર્મેન્દ્રિયો અને જ્ઞાનેન્દ્રિયોના કર્મોમાં એને આસક્તિ નથી. એ ઈન્દ્રિયો વિષયાકાર રહેવાને બદલે બ્રહ્માકાર બનેલી હોય છે અને તેથી માયાજનિત વિષયો તરફ એનું મન જતું નથી.

સંતોની વાણી સૂર્યના પ્રકાશ જેવી તેજસ્વી હોય છે, જેમ સૂર્યના પ્રકાશ આગળ અંધકાર ટકી શકતો નથી, તેમ સંતોની વાણી આગળ અજ્ઞાન ઊભું રહી શકતું નથી. અજ્ઞાન દૂર થતાં જ આપમેળે આત્માની ઓળખ થાય છે અને તેથી જ સંત સમાગમનો મહિમા આટલો જગમાં ગવાય છે.

સંતહૃદય નવનીત કરતાં પણ વધારે કોમળ હોય છે. નવનીત જ્યારે પોતે તાપ સહે છે ત્યારે પીગળે છે. જ્યારે સંત તો બીજાને



સંતમ જોઈને પીગળે છે અને તેથી જ તે સદા પરહિતમાં જ રત રહે છે. જેમ સિંહ ઊંઘતો હોય છતાં તેને જોતાં જ માણસને ખ્યાલ આવે છે કે, તે કંઈ અજબ પ્રાણી છે. તેમ સંત ન બોલે છતાં પણ તેનો અજબ પ્રભાવ હોય છે. સિંહનો કોઈ પ્રાણીઓના રાજા તરીકે અભિષેક નથી કરતું. તે તો સ્વયં અભિષિક્ત જ છે. તેવી જ સાચા સંતની સ્થિતિ હોય છે.

અમારે સાધુને શા માટે પૈસા જોઈએ? અમારે તો બધો આધાર પરમાત્માનો હોય છે. અમારે પૈસાનું શું કામ? અમારે પૈસા શા માટે ભેગા કરવા જોઈએ? મારે તો કાંઈ જ કરવાનું નથી અને ભગવાનને મારે હાથે કોઈ કાર્ય કરાવવું હોય તો તેની ભીખ મારે દુનિયા પાસે શું કરવા માગવાની? ભગવાન મોટો કે દુનિયા મોટી? મારે હાથે તેને કંઈ કાર્ય કરાવવું હોય તો તે માટે તે કોઈનેય પ્રેરણા કરે ને તે થઈ જાય. વિશ્વબાપની અનંત સમૃદ્ધિના વારસ હોવા છતાં, કોઈ અશરણ–અનાથની માફક ભિખારીવેડા શેં આચરો છો?

## ગીતાસાર

હું તો માત્ર ગીતાના 'करिष्ये वचनं तव'માં માનું છું. ગીતાનો સાર આ અડધા શ્લોકમાં આવી જાય છે, જાણતાં–અજાણતાં પણ આપણે ઈશ્વરની આજ્ઞા માનવી જ પડે છે, તો પ્રસન્નતાથી અને તે 'ઈશની આજ્ઞા છે' એમ માની સર્વે કાર્યો કેમ ન કરવાં? ઈશ્વરાર્પણ બુદ્ધિથી જ ઈશ્વરનું પૂજન, અર્ચન, ધ્યાન વગેરે કાર્યો કરવાં જોઈએ.

## પ્રાર્થના

પ્રાર્થના વિનાનું જીવન પ્રાણ વિનાના પ્રેતસમું છે. પ્રાર્થના

જીભથી નથી થતી પણ હૃદયથી થાય છે. શ્રદ્ધાપૂર્ણ પ્રાર્થના કે ભજનદ્વારા ચિત્તની એકાગ્રતા સિદ્ધ થાય છે. સહૃદય અને નિષ્કામ પ્રાર્થના એ આધ્યાત્મિક સાધનાનો પ્રાણ છે. જ્યારે જ્યારે જીવનાકાશમાં નિરાશાનાં કાળાં વાદળ ઘેરાઈ વળે, માર્ગમાં મુશ્કેલીઓના ડુંગર ખડકાઈ જાય, બુદ્ધિકિંકર્તવ્યમૂઢ બની અજંપા-ને ચકડોળે ચડે, ત્યારે ત્યારે ધીરજ ટકાવી રાખવામાં અને હૃદય-માં આશાની જ્યોતિ સતેજ કરી ભગ્નહૃદય માનવીને ફરીથી કર્તવ્યપંથે કટિબદ્ધ કરવામાં, અંતરના ઊંડાણમાંથી કરેલી પ્રાર્થના-સમાન બીજું અમોઘ બળ એકેય નથી. ભાવ પ્રદર્શિત કરવાને માટે પ્રાર્થના એક સાધન છે, એ એક પૂલ છે. પરમાત્મા પેલી તરફ છે અને કલ્પના કરો કે વચમાં એક મોટો મહાસાગર છે, એ તરવાને માટે પ્રાર્થના એક પૂલ છે, એનાથી તમારી કલ્પનામાં નહિ આવે એટલી તાકાત મનુષ્યની અંદર આવે છે અને એ તાકાત એક વખત આવી એટલે ફત્તેહ ફત્તેહ. સત્સંગ અને ભક્તિ-દ્વારા ભગવાનની ભેટ થાય છે, "હે પ્રભો, મારાં દુઃખ દૂર કરો." એવી નિર્માલ્યતાસૂચક પ્રાર્થના ન કરો. "હે પ્રભો! મને દુઃખ સહન કરવાની શક્તિ આપો." એવી પ્રાર્થના કરો.

## અંતઃકરણ, પશ્ચાત્તાપ, કર્મ ને અનાસક્તિભાવ

અંતઃકરણને ગંગાના નીર જેવું ચોખ્ખું બનાવો અને પછી જુઓ કે પરમાત્મા પાછળ પાછળ ફરે છે કે નહિ.

પાપનિવારણ માટે પશ્ચાત્તાપ જેવું ઓસડ નથી. પણ પશ્ચાત્તાપ તીવ્ર અને જીગરનો જોઈએ, અંતઃકરણ રડીકકળી ઊઠવું જોઈએ. સંકલ્પોનો આત્યંતિક વિલય એ જ ચિત્તશુદ્ધિ છે.

સંચિતકર્મ એ બેન્કમાં મૂકેલી મૂડી જેવું છે. પ્રારબ્ધ એ ચાલુ



ખર્ચ માટે વાપરવા કાઢેલાં નાણાં જેવું છે અને ક્રિયમાણ ચાલુ કામથી ચઢતા પગાર જેવું છે. સંસાર એક ખેલ છે. ફાવે તેમ ખેલી લો! સુખની ચાવી અનાસક્તિ છે. જશ—અપજશ બધું પ્રભુને સોંપી એના મારફતિયા તરીકે કામ કરો તો કાંઈ દુઃખ નથી.

## પ્રભુનામસ્મરણનો મહિમા

પ્રભુ અનંત છે એટલે એનાં નામ પણ અનંત છે. પ્રભુનું ફાવે તે નામ લો, ફાવે તે રૂપનું ધ્યાન ધરો, જેમ બધાં નવાણોનું પાણી સમુદ્રમાં મળે છે, તેમ એ બહુનામી—અનામી, બહુરૂપી—અરૂપી, સાકાર—નિરાકાર પરમાત્માને જ પહોંચે છે. ભગવદ્‌નામ એ જીવને શિવસુધી પહોંચાડવાનો પૂલ છે. ભવરોગનું અચૂક ઓસડ છે. દુખિયાનો વિસામો છે, સુખિયાના આનંદનું અધિષ્ઠાન છે. નિર્ધનનું ધન છે. રોગીનું સ્વાસ્થ્ય છે. અભણનો આશરો છે અને ભણેલાનું અહંભૂત ભગાડનાર છે. નિશ્ચયપૂર્વક માનો કે આ કળિયુગમાં પરમાત્માનું નામસંકીર્તન એ જ સાક્ષાત્ મનોવાંછા પૂરી કરી ચિરશાંતિ આપનાર કલ્પવૃક્ષ છે. આ સંસારરૂપી રોગ-માંથી મુક્ત થવા માટે ભગવન્નામ એ જ અમૃતતુલ્ય ઓસડ છે. એ જે આપે તે સદ્‌ગુરુ સાચા વૈદ્ય છે અને એના ઉપર સંત-સમાગમ એ જ ચરી છે. પરમાત્માએ જેને જે આપ્યું હોય તે પરાર્થે વાપરી પ્રભુનામનું સતત સ્મરણ કરવું, એ જ અત્યારના જમાનામાં તો ઉન્નતિનો રાજમાર્ગ છે. ભજનમાં પ્રમાદ કરશો નહિ, પરમાત્માએ આપણને બક્ષેલી કોઈ પણ તનમનધનની સંપત્તિથી નિરપેક્ષ, નિરહંકારભાવે સેવા કરવી એ પણ પર-માત્માનું પૂજન છે. આનંદનો એ જ એકમેવ રાજમાર્ગ છે. સુખ અને આનંદનો ભંડાર અંતરમાં ભર્યો છે. એને બહાર શોધવા જવાની જરૂર નથી.

## મૌનમહિમા

આંખથી જેટલું જુઓ ને કાનથી જેટલું સાંભળો તેટલું બધું જ મુખથી બહાર ન કાઢો, ભગવાને બે આંખ આપી છે, બે કાન આપ્યા છે, પણ જીભ તો એક જ આપી છે, અને તે પણ હોઠ અને દાંતથી ઢંકાયેલી છે. તે ખૂબ ખ્યાલમાં રાખો. મૌન એ ખરેખર મુમુક્ષુ માટે અત્યંત શક્તિદાયક છે, હે ખુદાના બંદા, બક બક કર્યા વગર આચારમાં મૂક. આચરણમાં ન ઉતારેલું જ્ઞાન કેવળ ભારરૂપ છે, જમીનમાં દાટેલા ધન જેવું છે, કેવળ મગજને અકળામણરૂપ છે, મૂક આચરણથી હજારો સંતો ભવપાર થઈ ગયા છે, એક શબ્દ પણ એવો ન ઉચ્ચારો જેથી વિભુના વિશ્વ-સંગીતમાં ક્ષતિ ઉત્પન્ન થાય.

## ગરીબ ને શ્રીમંત કોણ?

જેનું હૃદય ગરીબ છે એ ગમે તેટલો શ્રીમંત હોવા છતાંય સાત ગરીબનો ગરીબ છે અને જેનું હૃદય ઉદાર છે તે ગરીબ હોવા છતાંય સાત શ્રીમંતનો શ્રીમંત છે.

## સત્કર્મ

કોઈ પણ સારું ને પવિત્ર કર્મ જાતે જ આશીર્વાદરૂપ છે. જે એને આચરે છે, એને એના પુણ્યયોગથી વધુ સત્કર્મ કરવાનો ઉત્સાહ અને શક્તિ પ્રાપ્ત થાય છે. જેને માટે એ થાય છે તેનામાં એના પવિત્ર અને ઉજ્જવલ સંસ્કાર પડે છે. અને જે એ જુએ છે, એ વિષે સાંભળે છે, તેનામાં એવાં પુણ્ય કરવાની શ્રદ્ધા–પ્રેરણા જાગે છે આમ સત્કર્મની કૃતિ, શ્રુતિ અને સંસ્મૃતિ–બધું ય પુણ્યમય છે.



## હંસદૃષ્ટિ

વ્યક્તિએ કોઈની સાથે અડફટમાં આવવું નહિ. દરેક વ્યક્તિ પાસેથી સારું હોય તે ગ્રહણ કરવું, ખરાબ પ્રત્યે દુર્લક્ષ રાખવું, ફાવે ત્યાં જવું, ન ફાવે ત્યાંથી સદા દૂર રહેવું. સર્વથા હંસવૃત્તિ રાખવી. ફાવે તેવો પ્રસંગ હોય તોપણ ગભરાવું નહિ, એ ધૈર્યનું લક્ષણ છે.

ગુજરાતમાં વસી નર્મદા તટે આવેલા નારેશ્વર ધામે દત્ત-ભક્તિની ધૂણી ધખાવીને ધૂન લગાવી તેનો પવિત્ર પ્રસાર કરનાર આ અનોખા સાક્ષાત્કારી સંતની જન્મશતાબ્દીના શુભ અવસરે ચાલો, આપણે એમના સદ્‌બોધને જીવનચિંતનરૂપ સંદેશને જીવન-માં ઉતારીને આપણા જીવતરને સાર્થક ને ધન્ય કરીએ અને એ રીતે એ સંતને સાચી અંજલિ આપીએ.

(સંપૂર્ણ)

શ્રી યોગેશ્વર કૃપા
**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**
ગ્રીલ, દરવાજા, તેમજ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫ ૦૦૭
ફોન : ૬૬૮૨૩૧

### પૂ. શ્રીના પત્રોમાંથી

# આધ્યાત્મિકતાનું અમૃત–૩

ડૉ. બી. જે. જાગાણી

પૂ. શ્રી યોગેશ્વરજીએ હિમાલયના નિવાસ દરમિયાન શ્રી નારાયણભાઇ, શ્રી ભાઇલાલભાઇ, શ્રી વિઠ્ઠલ પંડયા તથા પૂ. માતાજીને ૧૬૦ જેટલા પત્રો લખેલા. આ પત્રોનું પ્રકાશન "હિમાલયના પત્રો"નામના પુસ્તકથી થયું છે. પ્રત્યેક પત્રમાં આધ્યાત્મિકતા અને જીવન જીવવાનું ભાથું મળે છે. આપણને એના દ્વારા જીવન કેડી કંડારવામાં કંઇક વિશેષ મળશે એ હેતુથી પત્રોનો અર્ક મૂકવા અહીં પ્રયાસ કર્યો છે.

૧. પૂ. શ્રીએ ૨૫ મી નવેમ્બરે ૧૯૪૦ ની સાલમાં મહર્ષિ અરવિંદને પત્ર લખીને પોતાના આંતરિક કલેવરની જાણ કરી અને પત્રમાં જણાવ્યું કે પોતે શ્રી અરવિંદના આશ્રમમાં રહીને સાધના કરવા ઇચ્છા ધરાવે છે. આ પત્રમાં પૂ. શ્રી જેમ એક રોગી માણસને ડોક્ટર વિવિધ રીતે તપાસીને રોગનું વર્ણન કરે તેમ પોતાની અંદર જગદંબાના દર્શન કરવા માટે જરૂરી બાબતો-ની છણાવટ કરીને સાધના માર્ગમાં આવી પડેલી અડચણો, હૃદયમાં ઈશ્વરપ્રાપ્તિ માટેનો દાહ અને લગન અંગે વિશદ જાણકારી આપી છે. એટલે કે પોતાના અંતઃકરણનો એક્સ–રે પાડીને બતાવેલ છે.

૨. પૂ. શ્રી કહે છે કે, "આજથી ત્રણ વર્ષ પહેલાં મારી બધી વૃત્તિઓ ધીરે ધીરે ફેરવાતી ગઇ. મારી મલિનતા દૂર કરવાની



મને તાલાવેલી થઇ ને સત્ત્વસંશુદ્ધિ ત્યારથી જ થતી રહી. પણ તે પછી થોડા જ સમયમાં મારા હૃદયમાં વેદના જાગી. સ્થળે સ્થળે મને આત્મિયતાનો અનુભવ થવા માંડયો ને તે આત્મતત્ત્વમાં એક થવાની તાલાવેલી થઇ.

પૂ. શ્રીના નિખાલસ લખાણમાં સ્પષ્ટતા થાય છે કે "મારી મલિનતા દૂર કરવાની તાલાવેલી થઇ." પૂ. શ્રીની દૃષ્ટિએ આ મલિનતા એટલે બીજું કશું નહીં પણ પ્રકૃતિ કે માયાનો પ્રભાવ. પ્રકૃતિના તત્ત્વોમાં જીવ બંધાઇ જાય છે એટલે તે શિવતત્ત્વનો અનુભવ કરી શકતો નથી. જીવની શિવના દર્શન કરવાની મર્યાદા એટલે જ મલિનતા–એટલે જ પ્રકૃતિનો પ્રભાવ. આ પ્રભાવમાંથી છૂટવાની કલા હસ્તગત કરવાની તાલાવેલી પૂ. શ્રીના હૃદયમાં જાગી. આ તાલાવેલી જાગી ત્યારથી જ સત્ત્વસંશુદ્ધિ થવા લાગી. સર્વસ્થળે અને કાળે આત્મતત્ત્વનો અનુભવ થવા લાગ્યો. જે જે આત્મદર્શી સંત થઇ ગયા છે, તે બધાના જીવનમાં ડોકિયું કરીએ ત્યારે પણ કંઇક આવું જ વર્ણન જાણવા મળે છે. પ્રભુ માટે વેદના જાગી જાય એટલે સઘળા દ્વંદ્વો આપોઆપ ચાલ્યા જાય. ભક્ત નરસિંહ, મીરાંબાઇ, તુકારામ, જ્ઞાનેશ્વરજી, એકનાથ મહારાજ, તુલસીદાસ, મહર્ષિ વ્યાસ, દેવર્ષિ નારદજી, સંત કબીર, સાંઇબાબા વગેરેને જીવનમાં પ્રભુપ્રત્યે લગન લાગી અને પ્રકૃતિને મહાત કરી અને પ્રભુની અનંત લીલાના ગુણાનુવાદ ગાવામાં સહભાગી થઇ ગયા. આ પ્રસંગે આપણને ઠાકુર શ્રી રામકૃષ્ણદેવ અચૂક યાદ આવે જ. સર્વ જગ્યાએ અને સર્વ જીવોમાં મા કાલીનાં દર્શન થવા લાગ્યાં. સર્વ જીવો પ્રત્યે એટલી તો આત્મીયતા વધી કે જે જે જીવો શ્રી ઠાકુરના સંપર્કમાં આવ્યા તે તે જીવોના દુઃખો પણ ઠાકુરે લઇ લીધાં.

૩. પૂ. શ્રી આગળ જણાવે છે, "આવી તાલાવેલીને કારણે કોઇ વાર રોઇ પડાતું. તો કોઇ વાર નિદ્રા પણ ના આવતી.

પૂ. શ્રી પોતાના વક્તવ્યોમાં વર્ણન કરતાં કરતાં ઘણી વખત ઉલ્લેખ કરે છે. સંસારીઓ પોતાનાં દુઃખો કાપવા અને ભૌતિક સંબંધોને સાચવી રાખવા ઘડો ભરીને આંસું સારે છે પણ પ્રભુની પ્રાપ્તિ માટે એક આંસુ સારતા નથી. જો પ્રભુ માટે સંસારના દુઃખોમાંથી મુક્તિ પામવાના અર્ધા જેટલાં આંસુ સારવામાં આવે તો પ્રભુ સામે ચાલીને દોડીને આવે. શ્રી રામકૃષ્ણદેવ પણ આવા જ ઉપદેશદ્વારા સંસારમાં ચેતના જગાવી ગયા. પૂ. શ્રી તો બહુ નાની ઉંમરથી પ્રભુને માટે રડતા. પોતે લખેલા પત્રમાં શ્રી અરવિંદને નિખાલસપણે એક બાળક પોતાની માતાને પત્ર લખે તે રીતે લખીને જણાવે છે કે પ્રભુની લગન એટલી લાગી છે કે હવે તો નિદ્રા પણ નથી આવતી.

૪. હૃદયપ્રદેશમાં ભક્તિભાવ જ્યારે વધારે જાગે ત્યારે રચનાઓ આપોઆપ સ્ફુરે છે. પૂ. શ્રીનું પહેલેથી ભક્તહૃદય એટલે જગન્માતાની કવિતાઓ–ભજનો સહજ રીતે રચાવા લાગ્યાં. હૃદયમાં જ્યારે પ્રભુ પ્રત્યે ભાવ જાગી જાય ત્યારે તે ભાવને શબ્દદેહ મળે ત્યારે ભજનોની રચના થઇ જાય છે. આવાં ભજનો કોઇ સાંભળે, વાંચે અને ગાય તો તે પણ પ્રભુપ્રાપ્તિના માર્ગે આગળ યાત્રા કરવા લાગી જાય.

૫ પૂ. શ્રી લખે છે કે "આ ઝંખનાને કારણે શરીરમાં દાહ થતો ને ગરમી બહુ રહેતી. રાત્રે વસ્ત્રો ના પહેરાતાં ને ગયે વર્ષે તો એવી પણ રાત્રિ ગઇ છે કે જ્યારે લોઢાના ખુલ્લા પલંગ પર ચાંદની રાતમાં હું વસ્ત્ર વિના સૂઇ રહ્યો છું."



એક વખત શ્રી વિવેકાનંદને ધ્યાન કરવાનું માર્ગદર્શન ઠાકુરે આપ્યું. ઊંડા ધ્યાનમાં ચાલ્યા ગયા. પ્રચંડ શક્તિ જન્મી. સાથી ગુરુભાઇને શ્રી વિવેકાનંદે પોતાના શરીરને સ્પર્શ કરવા કહ્યું. સ્પર્શ કરનારને વિજળીનો આંચકો લાગ્યો. આ ધ્યાનયોગદ્વારા પ્રભુપ્રાપ્તિ માટેનો વિજળી સમો દાહ હતો. પૂ. શ્રીનો દાહ ભક્તિયોગ માર્ગદ્વારા પ્રભુ પ્રાપ્તિ માટે જન્મ્યો હતો. આવો દાહ જન્મે એટલે ભૌતિક શરીરમાં બાહ્યદૃષ્ટિએ પીડા થતી જણાય. કપડાં પહેરવાં ન ગમે. શીતળતા જ ગમે. પૂ. શ્રી પ્રભુના અણમોલ ખજાનાને આવા પત્ર સાહિત્યદ્વારા કોઇ પણ પ્રકારના આડંબર વિના રજૂ કરે છે. સાધના પંથના યાત્રીઓને આવા અનુભવોથી આગળ જવાની પ્રેરણા મળે છે.

૬. પૂ. શ્રી આગળ લખે છે કે, "આ વિકાસ બે પ્રકારનો માલમ પડયો : દિવસે સાગર કિનારે કે ક્યાંય હોઉં ત્યારે મન મહાન વિચારો ને ભાવનાઓથી ભરાઇ જતું. પણ રાત્રિ પડતી એટલે 'હજી તેનાં દર્શન ન થયાં' એ ભાવથી સખત વેદના થતી. 'હજી આપણામાં કંઇ નથી. કેમ કે આપણે દર્શન કર્યાં નથી' એમ થતું. પૂ. શ્રી કેટલી સરળતાથી પોતાના હૃદયનો ખાલીપો જગત સમક્ષ ખોલી દે છે! પોતાની આગવી લેખન કલાદ્વારા આપણને પ્રતીતિ કરાવે છે કે જ્યાંસુધી આત્મદર્શન થાય નહીં, જ્યાંસુધી પ્રભુપ્રાપ્તિ થાય નહીં, જ્યાંસુધી જગદંબાનાં દર્શન થાય નહીં, ત્યાંસુધી બધું વ્યર્થ છે. (અત્રે આપણે નોંધવું જોઇએ કે આપણને તો પૂ. મા સર્વેશ્વરીનાં દર્શન ચર્મચક્ષુદ્વારા થયાં છે એટલે આપણે સૌ બડભાગી છીએ.) જગત કલ્યાણનો જીવનનો એક પ્રવાહ અને પોતાના સ્વવિકાસનો બીજો પ્રવાહ એમ બે પ્રવાહ સતત વહ્યા કરે છે એવું પૂ. શ્રી જણાવે છે. સામાન્ય માનવીઓ પણ

સત્ત્વગુણના પ્રભાવ હેઠળ હોય ત્યારે આ બે પ્રવાહમાં વહેતા હોય છે. પૂ. શ્રી તો ગુણથી પર (ત્રિગુણથી પર) એવી અવસ્થામાં હતા, એટલે જગતને માર્ગદર્શન આપવા જ આ બે પ્રવાહનો ખેલ ખેલી રહ્યા હતા.

૭. પૂ. શ્રી આસન શીખવા ગયા. પણ ત્યાં મજા આવી નહીં, કારણ કે અંતઃકરણમાં તો "મા, તું આવ, તું ક્યારે આવશે?" એવી જ મસ્તી રહેતી. આવી મસ્તી હોય ત્યારે આસન શીખવાની લગન કેમ કરીને લાગે? આસન તો આવી મસ્તીને મેળવવા શરીરને સ્વસ્થ રાખવાની પ્રયુક્તિ છે. પણ પ્રભુપ્રેમની લગન લાગી ગયા પછી આસનની મસ્તી ક્યાંથી રહે! અગાશીમાં સીડી-દ્વારા ચડાઇ ગયા પછી સીડીને કેવી રીતે સાચવવી? અગાશીમાં ગયા એટલે સીડીનો મોહ છોડયે જ છૂટકો. જો આવો મોહ છૂટે નહીં તો અગાશીમાં ટકાય નહીં. પ્રભુપ્રાપ્તિના સાધનોનો ઉપયોગ તો માત્ર પ્રભુ ન મળે ત્યાંસુધી જ. મળ્યા પછી તો માત્ર પ્રભુ જ જોઇએ. પછી સાધન નહીં. જપ, તપ, ઉપવાસ, ભજન, માળા, ટીલાં–ટપકાં, યજ્ઞો, સ્તુતિ, પ્રાર્થના, સ્વાધ્યાય, આત્મચિંતન વગેરે સાધનો છે પ્રભુપ્રાપ્તિનાં. પ્રભુના દર્શન થયા પછી સાધનોનો મોહ આપોઆપ છૂટે. પૂ. શ્રીની અવસ્થા પણ આસન શીખવા ગયા ત્યારે કંઇક આવી હતી. પ્રભુની–માની મસ્તી લાગી ગઇ એટલે આસનમાં રસ ન રહ્યો.

૮. પૂ. શ્રી ખૂબ જ નમ્રભાવે જણાવે છે કે, "મારા મનમાં પૂર્ણ શાંતિ છે, આનંદ છે, હું જ શાંતિ ને આનંદસ્વરૂપ છું; મુક્ત છું, મને કશામાં મોહ નથી. આજ હું કેટલાય દિવસથી યત્નો કર્યા કરું છું. મને તમારે ત્યાં આવવાની રજા મળશે?"



પૂ. શ્રી ટોચની અવસ્થા પ્રાપ્ત કરી ચૂક્યા છે. એક આત્મદર્શી સંત પોતે પૂર્ણ છે, મુક્ત છે, બુદ્ધ છે એવી અનુભૂતિ થયા પછી પણ સર્વત્ર ઈશ્વર જ છે એવા ભાવને વિસ્તારવા કશુંક કરતા હોય છે. આ કશુંક એટલે શ્રી અરવિંદના આશ્રમમાં જવું તે, પ્રવચનો કરવાં તે, શિબિરો કરવી તે, વાર્તાલાપો કરવા તે, યાત્રાઓ કરવી તે, પુસ્તકો લખવાં તે, ભજનો રચીને ગાવાં તે, વૈયક્તિક માર્ગદર્શન આપવું તે. પૂ. શ્રી અને પૂ. મા આપણા જીવનમાં આવું 'કશુંક' સવેળા કરી દે તો! બસ આ ભાવમાં આ પૂ. શ્રીએ આ લેખ લખાવ્યો તે 'કશુંક' જ છે.

(ક્રમશઃ)

ગરીબ, અભણ, અજ્ઞાની અને દુઃખી આ સહુ તમારી સેવાના અધિકારી છે. તેઓની પ્રભુના પ્રતિનિધિરૂપે નિરપેક્ષા-ભાવે કરાતી સેવા એ ધર્મ છે. સ્વામી વિવેકાનંદ

ઓ. : ૨૨૩૫૯૮ ફે. : ૩૬૨૪૩૭
૨૩૪૦૧૬ ઘ. : ૪૪૧૪૩૧

ખેતીની સિચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
–: બનાવનાર :–
**કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ**
ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૨

# પ્રારબ્ધભોગનો મસ્તરામજીનો ઉપદેશ

અજ્ઞાત લેખક

મસ્ત ચિંતા મત કરો, તું કર બ્રહ્મ વિચાર;
શરીર સોંપદે પ્રારબ્ધકું, લોઢું જાણે ને લુહાર. ૧
કમાઇ વિના કીરતાર ના મળે, કોટી કરો ઉપાય;
મસ્તરામ કહે તું ભૂલ્યો, તેનું શું થાય? ૨
પરદેશી પંખીડો આવે અને જાય પલમાંહ્ય;
મસ્તરામ કહે ચેતી લેજે, સમજ સમજ મનમાંહ્ય. ૩
કાયા ખોટી માયા ખોટી, ચેત તું પામર પ્રાણી;
કરો ખેડ તો પાકે લાણી, મસ્તરામની સાચી વાણી. ૪

દરેક પ્રાણીને સંચિત અને પ્રારબ્ધકર્માં ફળ યથાકાળે ભોગવવાં જ પડે છે. કર્મના આ નિયમમાંથી કોઇ જ મુક્ત નથી. બ્રહ્મા અને શંકર સરખા પણ તેમાંથી મુક્ત નથી એમ ગીતાકાર સ્પષ્ટ કહે છે.

એક વખત મસ્તરામજીને પગ ઉપર એક ગુમડું થયું તે પાકવા લાગ્યું, તેથી તેમને ચાલતાં પણ મુસીબત પડતી. છતાં એક જગાએ પડી રહેવાનો તેમનો સ્વભાવ નહોતો, તેથી ખોડંગતા ખોડંગતા પણ પોતે ફરતા, એ વેળા તેઓ ભાવનગરમાં હતા. જ્યારે સર તખ્તસિંહજી મહારાજા સાહેબે જાણ્યું કે મસ્તરામજીને પગે મોટું ગુમડું થયું છે અને પાકીને ફૂટ્યું છે છતાં કશી દવા કે પાટાપિંડી કરતા નથી, ત્યારે તેમણે પોતાના દાક્તરને બોલાવી જ્યાં મસ્તરામજી બેઠા હોય ત્યાં ગાડીમાં જઇ ગુમડું ધોઇ દવા લગાડી



પાટો બાંધી દેવા ઘોડાગાડીમાં તેને મોકલ્યા. દાક્તરે તેમને બેસવા-નાં સંભવિત સ્થળો પર ગાડી લીધી ત્યાં એક સ્થળે મહારાજશ્રીને બેઠેલા જોયા. તે એકલા જ હતા. ગુમડું પાકીને ફૂટી ગયું હતું અને અંદર જીવાત પડી ગઇ હતી. જે કીડા ગુમડામાંથી નીચે પડતા હતા તેમને ઉપાડી વળી એમને ગુમડા પર મૂકી દેતા હતા અને સ્વતઃ કીડાને સંબોધીને બોલતા હતા કે, "આ દેહ પાસે તારું લેણું હોય તેટલું લેતો જા. ફરી ફરીને આવવાથી તને દુઃખ થશે. લે, ભોગવી લે, ભોગવી લે." આ પ્રકારના શબ્દ પોતે એ કીડાને કહીને વળી ગુમડા પર તેમને ગોઠવતા હતા. એવામાં દાક્તરે તેમને બેઠેલા જોઇ ગાડીમાંથી ઉતરી મહારાજને પ્રણામ કર્યા અને એ ગુમડાને ધોઇ ડ્રેસીંગ–પાટાપિંડી કરવા મહારાજા સાહેબે પોતાને મોકલેલ છે એમ વાત કરી ગુમડું તપાસવા દેવા વિનંતિ કરી. મહારાજશ્રીએ હસીને કહ્યું કે દેહના દંડ દેહને ભોગવવા જ પડે છે. પ્રારબ્ધ ભોગની મર્યાદાની બહાર કોઇ નથી. માટે મિથ્યા પ્રયત્ન શા માટે? છતાં તે જલદી મટે અને તકલીફ ઓછી થાય તે માટે દવાની જરૂર છે એમ કહી ગુમડું ધોવા દેવા દાક્તરે બહુ વિનતિ કરી ત્યારે તેમણે પગ તેના સામે ધર્યો. દાક્તરે ગુમડું બરાબર ધોઇ ઉપર દવા લગાડી પાટો બાંધ્યો અને વિદાય થયા. મહારાજ પણ ખોડંગાતા ત્યાંથી ઉપડી ગયા. બીજે દહાડે મહારાજા સાહેબે દાક્તરને મોકલ્યા પણ મહારાજ-શ્રીનો પાટો ક્યારે ક્યાં પડી ગયેલો તેની તેમને પણ ખબર નહોતી. તે દિવસે પણ ગુમડું ધોઇ દાક્તરે પાટો બાંધ્યો. આમ અઠવાડીયું ચાલ્યું ત્યાં ગુમડું રૂઝાઇ ગયું.

ભાવનગરમાં મહારાજશ્રી હતા ત્યારે એકવાર તેમને સખત તાવ આવ્યો. પોતે એક સ્થળે પડી રહ્યા હતા. તાવથી શરીર

થરથર ધ્રૂજતું હતું. તે જોઇ કોઇ ભક્તે તેમને ધાબળો લાવીને ઓઢાડયો. મહારાજ આમ સૂતા હતા ત્યાં સર તખ્તસિંહજી મહારાજા સાહેબ પોતે, તે જે સ્થળે સૂતેલા ત્યાં દર્શનાર્થે આવ્યા. કોઇ ભક્તે મહારાજશ્રીને ખબર આપ્યા કે મહારાજા સાહેબ પધારે છે. મહારાજશ્રીને થયું કે તે એટલી તકલીફ લઇને આવેલ છે તો મારે ઊઠીને મળવું જોઇએ. તેથી મહારાજા ત્યાં આવીને બેઠા એટલે મહારાજશ્રી બેઠા થયા. મહારાજા સાહેબે તેમને સૂઇ રહેવા ઘણું કહ્યું પણ પોતે હંમેશ માફક બેઠક જમાવી અને પોતે ઓઢેલો ધાબળો બાજુ પર મૂક્યો. કહે છે કે એ ધાબળો સ્વતઃ ધ્રૂજતો હતો. એ જોઇ મહારાજા સાહેબની સાથે આવેલા એક જણે તેનું કારણ પૂછ્યું પણ મસ્તરામજીએ કશો ઉત્તર ન આપ્યો. જેમ આપણે સામાન્ય માનવી ઘડીભર આપણી વસ્તુ કોઇને સાચવવા આપીએ છીએ અને યથાવકાશ તે પાછી લઇએ છીએ તે જ પ્રમાણે આવા હરિરૂપ બનેલા સંતપુરુષો પોતાના ભોગ–રોગ પણ જડવસ્તુને થોડીવાર માટે આપી દઇ પોતે સ્વસ્થ બેસે છે. અને યથાવકાશ એ જડવસ્તુ પાસેથી તે પાછા સ્વીકારી લઇ ભોગવી છૂટે છે. આ ધાબળાનો ધ્રૂજારીનો પ્રસંગ પણ આ કોટીનો જ હતો એમ સૌ સમજ્યા.

મસ્તરામજી મહારાજ એક વખત ભાવનગરમાં એક દૂરના સ્થળે માર્ગની બાજુમાં એક વૃક્ષ નીચે પોષ માસની ઠંડીમાં ઉઘાડા શરીરે બેઠા હતા, શરીર કંપતું હતું પણ મન રામભજનમાં મસ્ત હતું. એવામાં સર તખ્તસિંહજી મહારાજા સાહેબ ગાડીમાં બેસી સ્વારો સાથે ફરવા નીકળેલા, તે આ સ્થળે આવ્યા. ત્યાં મસ્તરામજીને સખ્ત ઠંડીમાં ઉઘાડા શરીરે ધ્રૂજતા બેઠેલા જોયા. પોતાના સર્વ અનુચરોને ગરમ વસ્ત્ર શીવડાવી આપ્યા હતાં તે સૌએ ગરમ વસ્ત્ર પહેર્યાં હતાં. પોતે પણ ગરમ કપડાં પહેરેલાં



અને ગળે કિંમતી કાશ્મીરી શાલ વીંટી હતી. પોતે ગાડી ઊભી રખાવી નીચે ઉતરી મહારાજશ્રી પાસે જઇ તેમને પ્રણામ કર્યાં અને પોતાની શાલ હતી તે અનુચરને આપી મહારાજશ્રીને ઓઢાડી દેવા હુકમ કર્યો. માણસે શાલ લઇ મહારાજશ્રીના ધ્રૂજતા શરીર ઉપર વીંટાળી, અને સૌ ફરીથી ગાડીમાં બેસી આગળ ફરવા ગયા. અમુક અંતર સુધી ફરીને પાછા આવ્યા અને મહારાજશ્રીની બેઠકનું સ્થળ જોયું તો ત્યાં એક કૂતરાના શરીર પર વીંટેલી પેલી શાલ જોઇ. મહારાજશ્રી ત્યાંથી થોડે છેટે જતા હતા. તેમની નજીક જઇ વળી ગાડી થોભાવી, ઉતરીને મહારાજને પ્રણામ કરી ગાડીમાં બેસી જવા વિનંતિ કરી. પણ મહારાજશ્રી ગાડીમાં કે કોઇ વાહનમાં સામાન્ય રીતે બેસતા જ નહિ કેમકે તે કહેતા કે ઈશ્વરે આપેલા પગ જ મારું ઉત્તમ વાહન છે–તેથી તે ગાડીમાં બેઠા નહિ. હજુ ઠંડીથી શરીર ધ્રૂજતું હતું છતાં શાલ કૂતરાને ઓઢાડી હતી તેથી મહારાજા સાહેબે પૂછ્યું કે, 'આપે શાલ કેમ ઓઢી રાખી નહિ?' ત્યારે મહારાજશ્રીએ ઉત્તર આપ્યો, "આ શરીરને ઠંડીથી ધ્રૂજતું જોઇ તમે એ શાલ ઓઢાડી હતી, મારી પાસે એ કૂતરું ઠંડીથી ધ્રૂજતું આવ્યું, તેથી મેં તેને એ શાલ ઓઢાડી. જીવાત્મા દરેકમાં સરખો જ છે. માટે સર્વ તરફ સમાન ભૂતદયા બતાવવી જોઇએ." આ પ્રકારની રહેણીથી પોતે ભૂત-દયાનો સચોટ પાઠ આપતા.

ના. સર તખ્તસિંહજી મહારાજા સાહેબના બીજા કુમારશ્રી ભગવતસિંહજી બહુ ચતુર અને દેખાવડા હતા. મહારાજા સાહેબને તે બહુ પ્યારા હતા. એકવાર સવારે તે ગાડી જોડાવી ફરવા ગયા. પોતે ઘોડાના શોખીન હતા તેથી ચોક્કસ ઘોડા તોફાને ચડયા અને ગાડી ઊંધી વાળી. ગાડી ભાંગી ગઇ અને કુમારશ્રીને એટલી ઇજા થઇ કે તેમનું તત્કાળ અવસાન થયું. આ બનાવના ખબર

સાંભળતાં જ મહારાજા સાહેબને બહુ દુઃખ થયું અને પોતે શોક-વિવશ બન્યા. મોતીબાગનો રાજમહેલ તેમને કુમારશ્રીની વારંવાર યાદ આપતો લાગ્યો તેથી તે છોડીને તેઓ વાઘાવાડી ચાલ્યા ગયા. મહારાણી સાહેબોએ પણ તેમને થયેલો આઘાત હળવો બને તે માટે પ્રયત્ન કર્યા અને સર્વ પણ વાઘાવાડી જઈને રહ્યા. મુખ્ય રાજકર્મચારીઓ તથા ભાવનગર મહાજન મંડળે તખ્તસિંહજી મહારાજા સાહેબને ખૂબ સાંત્વન આપ્યું અને અનેક દૃષ્ટાંત આપી તેમનું દુઃખ હળવું કરવા યત્ન કર્યા પણ કોઈ રીતે તેમનું મન શાંત થતું જ નહોતું. એવામાં મસ્તરામજી મહારાજ ભાવનગર પધાર્યા અને દરરોજ ઘોડાગાડીમાં બેસી ફરવા નીકળતા. સર તખ્તસિંહજી મહારાજા સાહેબને એકાદ બે દિવસ જોયા નહિ, તેથી પોતે મોતીબાગના દરવાજા પાસેથી જતા હતા ત્યારે ત્યાં પહેરા પર ઊભેલા પહેરેગીરને પૂછ્યું કે "તખતસિંગ બહાર કેમ દેખાતા નથી?" ત્યારે પેલાએ કુમારશ્રીના દુઃખદ અવસાનની વાત કરી. અને તેને લીધે મહારાજા ખૂબ શોકવિહ્વળ બની વાઘાવાડી જઈને રહ્યા છે અને બીલકુલ બહાર નીકળતા જ નથી એમ કહ્યું. એ પછી એક મુખ્ય રાજકર્મચારીએ પણ મસ્તરામજી મહારાજને આ સર્વ વાત કરી મહારાજાનો શોક નિર્મૂળ બને તેમ સમજાવવા વિનતિ કરી. મસ્તરામજી વાઘાવાડી ગયા; જ્યાં મહારાજા સાહેબ અને ચારે મહારાણી સાહેબો હતાં. મહાત્માશ્રીના દર્શન કરતાં જ સૌએ ઊભાં થઈ પ્રણામ કર્યાં અને તેમને એક સુશોભિત આસન પર બેસાડ્યા. સ્વામીજીએ મહારાજાને કહ્યું, "તમે હાલ બહાર નીકળતા નથી તેનું કારણ મેં જાણ્યું. જેને પોતાનું આત્મીય જન માની લીધું હોય તેવું કોઈ મૃત્યુ પામે ત્યારે તેના માટે સંસારી જીવો ભારે શોકમાં પડે છે. પણ મહારાજા! હું તમને પૂછું છું કે, "આ રાજપાટ, દેહ, સ્ત્રી, સ્નેહીસંબંધી, સમૃદ્ધિ એ સર્વ તમારું



છે?" મહારાજા સાહેબ મૌન જ સેવી રહ્યા હતા. વળી મહા-રાજશ્રીએ કહ્યું, "આ સર્વ નાશવંત વસ્તુઓ છે. અજરામર તો છે એક માત્ર અંદર બેઠેલો જીવાત્મા જ. તે આત્મા જ સાક્ષી છે." શાસ્ત્રમાં કહ્યું છે કેઃ–

धनश्च भूमौ पशवश्च गोष्ठे भार्या गृहद्वार जनस्मशाने।
देहश्चितायाम् परलोक मार्गे क्रमानुगो गच्छति जीव एकः ॥

"આ સર્વ સંસારી સંબંધ મિથ્યા છે. તે સર્વ આ સંસાર પૂરતો જ છે. મનુષ્યના શુભાશુભ કર્મ જ તેની સાથે જાય છે. માટે શોક છોડી શુભ કર્મ કરો છો તેમ કરવા લાગો. આત્મકલ્યાણ માટે ઈશ્વરને ભજો. મનુષ્ય જન્મ ફરી ફરીને મળતો નથી. પૂર્વના ઋણાનુબંધના યોગે પ્રારબ્ધભોગ ભોગવવા સૌ આવે છે ને જાય છે. તેનો શોક કરવો મિથ્યા છે." મહારાજના આ પ્રકારનાં બોધ-વચનો સાંભળતાં જ મહારાજા અને મહારાણીઓનો શોક ઓછો થયો. ત્યારબાદ મસ્તરામજીએ મહારાજાને મોતીબાગમાં જઈને રહેવાનું કહ્યું અને ગાડી જોડવાનો હુકમ કર્યો. ગાડી તૈયાર થઈને આવી ત્યારે મહારાજાને અંદર બેસવા સૂચના કરી. અને સામાન્ય રીતે પોતે પગપાળા જ ફરતા પણ આજે મહારાજા જોડે પોતે પણ ગાડીમાં બેસી મોતીબાગ આવ્યા અને ત્યાંથી છૂટા પડતાં વળી રાજાને પેલો ખેદજનક બનાવ ભૂલી જઈ નિત્યકર્મમાં પડવા, દાનપુણ્ય કરવા તથા નિયમિત ફરવા જવા અને ફરી કલ્યાણ માર્ગે વિચરવા ભલામણ કરી ચાલતા થયા.

# અડિયાર નદીના યોગીનો મેળાપ

(ગતાંકથી ચાલુ) મૂળ લેખક : પોલ બ્રન્ટન

અનુવાદ : યોગેશ્વર

'અમારી પાસે એવી વીસેક જેટલી શારીરિક ક્રિયાઓ છે જેમની મદદથી જુદાં જુદાં અંગોપાંગો મજબૂત બને છે તથા કેટલાક રોગો દૂર થાય છે અથવા થતા અટકી જાય છે. કેટલાંક તો એવાં આસનો છે જે કેટલાંક ખાસ શક્તિકેન્દ્રો પર દબાણ લાવે છે. એ શક્તિકેન્દ્રો બદલામાં બરાબર કામ ન કરતા ચોક્કસ અવયવોને અસર પહોંચાડે છે, અને એમને ઠીક કરે છે.'

'તમે દવાનો ઉપયોગ કરો છો ખરા?'

જરૂર પડે તો, વધતા ચંદ્રપ્રકાશમાં ચૂંટેલી કેટલીક ઔષધિઓ-નો ઉપયોગ કરું છું. સ્વાસ્થ્યલાભના શરૂઆતનું કામ સિદ્ધ કરવા માટેની ચાર ક્રિયાઓનું જ્ઞાન અમે ધરાવીએ છીએ. પહેલાં તો આરામની કળા જાણી લઇએ છીએ, જેથી જ્ઞાનતંતુઓને આરામ મળે. એને માટે પણ મદદરૂપ એવી ચાર પ્રક્રિયાઓ છે. પછી અમે શરીરને સ્વાભાવિક રીતે લંબાવનારાં તંદુરસ્ત પ્રાણી- ઓની નકલ કરીને શરીરના વિસ્તારની ક્રિયા શીખીએ છીએ. એ પછી તમને વિચિત્ર લાગે તેવી પરંતુ પોતાની અસર ઉપજાવવામાં ઉત્તમ એવી જુદી જુદી પદ્ધતિઓથી શરીરને સંપૂર્ણપણે સાફ કરીએ છીએ. અને છેલ્લે પ્રાણાયામની મદદથી પ્રાણ પર કાબૂ કરવાની કોશિશ કરીએ છીએ.'

મેં થોડીક પ્રક્રિયાઓને પ્રયોગ કરી બતાવવાની માગણી કરી.



'હવે હું તમને જે પ્રયોગો કરી બતાવું છું તેમાં કાંઇ છૂપું રાખવા જેવું નથી.' બ્રહ્મે સ્મિત કરતાં કહ્યું, 'આપણે સૌથી પહેલાં આરામની કળાથી આરંભ કરીએ. એ બાબતમાં આપણે બિલાડી પાસેથી થોડુંક શીખી શકીએ છીએ. અમારા ગુરુ શિષ્યોની વચમાં બિલાડી મૂકીને એ આરામ કરે છે ત્યારે કેવી છટાદાર દેખાય છે તેનું નિરીક્ષણ કરવાની સૂચના આપે છે. ભરબપોરના તાપમાં એ ઊંઘી જાય છે ત્યારે એને ધ્યાનપૂર્વક જોવાનું કહે છે. ઉંદરના દરની નજીક નીચે નમે છે ત્યારે એનું અવલોકન કરવાની આજ્ઞા આપે છે. પોતાના શિષ્યોને એ સમજાવે છે કે બિલાડી સાચા આરામનો આદર્શ દાખલો પૂરો પાડે છે. અને પોતાની સમસ્ત શક્તિને કેવી રીતે ભેગી કરવી તેમ જ સંઘરી રાખવી તે પણ સમજે છે. તમે માનો છો કો તમે આરામ કરવાની કળામાં કુશળ છો, પરંતુ તમારી માન્યતા નિરાધાર છે. થોડોક વખત તમે ખુરસીમાં બેસો છો, પછી આમતેમ ફર્યા કરો છો, પછી વળી બેચેની અનુભવો છો અને છેવટે લાંબા પગ કરીને સૂઇ જાઓ છો. ખુરસી પરથી ઊભા નથી થતા અને ઉપરથી જોતાં આરામ કરતા દેખાઓ છો તોપણ, તમારા મગજમાં વિચારોની હારમાળા ચાલતી હોય છે. એને શું આરામ કહેવાય? એ શું એક રીતે જોતાં વધારે ચપળ બનવાનો રસ્તો નથી લાગતો?

'એ દૃષ્ટિકોણ તો મારા ખ્યાલમાં જ નથી આવ્યો,' મેં કહ્યું, 'પશુઓ કેવી રીતે આરામ કરવો તે જાણે છે, પરંતુ બહુ ઓછા માણસો એ જ્ઞાન ધરાવે છે. એનું કારણ એ છે કે પશુઓ કુદરતી પ્રેરણા અથવા કુદરતના આદેશ પ્રમાણે ચાલે છે ત્યારે માણસો એમના વિચારોથી દોરવાય છે. અને માણસો મોટે ભાગે પોતાના મગજ પર પૂરો કાબૂ નથી ધરાવતા તેથી એને લીધે એમના

જ્ઞાનતંતુઓ અને શરીર પર અસર થાય છે. એમને સાચો આરામ ભાગ્યે જ મળે છે.'

'તો પછી શું કરવું જોઇએ?'

'સૌથી પહેલાં તો તમારે બેસવાની પૂર્વીય પદ્ધતિ શીખી લેવી જોઇએ. તમારા ઉત્તરીય દેશોમાં ઠંડા ઓરડાઓમાં ખુરસીઓનો ઉપયોગ કરો તે ભલે, પરંતુ યોગસાધના માટે તૈયાર કરનારી ક્રિયાઓ કરતી વખતે તેમના વગર ચલાવી લેતાં શીખવું જોઇએ. અમારી બેસવાની પદ્ધતિ ખરેખર અત્યંત આરામદાયક છે. કામ કર્યા પછી કે ચાલ્યા પછી આખા શરીરને એ શાંતિ આપે છે. એ પદ્ધતિ શીખવાનો સહેલામાં સહેલો રસ્તો તમારા ખંડની દીવાલ પાસે નાનો કામળો કે શેતરંજી મૂકવાનો છે. એ પછી એના પર બનતા આરામપૂર્વક બેસો અને જરૂર પડે તો દીવાલનો ટેકો લો. શેતરંજીને ખંડની વચ્ચે પાથરીને ટેકો લેવા આગળ કોચ કે ખુરસી પણ રાખી શકો. એ પછી પગને ઘૂંટણ તરફથી અંદર વાળીને પલાંઠી વાળો. એમ કરવામાં માંસપેશીઓને કડક ન કરો અને કોઇ પ્રકારનો પરિશ્રમ ન પહોંચે તેનું પણ ધ્યાન રાખો. એટલે પહેલી ક્રિયા તો એ પ્રમાણે બેસીને થોડોક શ્વાસ લેવા સિવાય તમારા શરીરને તદ્દન શાંત કરી દેવાની છે. એ રીતે બેઠા પછી બધી જાતના દુન્યવી વિષયો તેમ જ બોજાના વિચારોને શાંત કરવાનો સંકલ્પ કરવો જોઇએ. તમારા મનને કોઇ ચિત્ર કે ફૂલ જેવા સુંદર પદાર્થ પર કેન્દ્રિત કરો.'

મારી આરામખુરસી પરથી ઊઠીને બ્રહ્મે વર્ણવ્યા મુજબના આસનનો આધાર લઇને હું એમની સામે બેઠો. જૂના જમાનાના દરજી પગ પર પગ મૂકીને કામ કરવા બેસતા એવું જ એ



આસન હતું.

'હા, તમે તે સહેલાઇથી કરી શકો છો.' બ્રહ્મે કહેવા માંડયું : 'પરંતુ બીજા અંગ્રેજો ટેવાયેલા ન હોય એટલે આવું આસન સહેલાઇથી ન કરી શકે. તમારી એક ત્રુટિપ્રત્યે ધ્યાન દોરું : તમારી પીઠને વળેલી નહિ પણ સીધી રાખો. હવે તમને બીજી ક્રિયા બતાવું.'

બ્રહ્મે પોતાના પગ એવી જ રીતે વાળેલા રાખીને ઘૂંટણને હડપચી તરફ ઊંચા કર્યા. એમ કરવાથી એમના પગ માથાથી થોડે છેટે રહ્યા. ઘૂંટણને એમણે પોતાના હાથ લાંબા કરીને વીંટી દીધા.

'લાંબા વખત સુધી એકધારા ઊભા રહ્યા પછી આ ક્રિયા ભારે શાંતિદાયક સાબિત થાય છે. તમારી બેઠક પર શરીરનું મોટા-ભાગનું વજન નાંખી દો. થાક જેવું લાગે ત્યારે થોડા વખત સુધી આ આસનનો અભ્યાસ કરી શકો છો. એનાથી કેટલાંક મહત્ત્વનાં શક્તિકેન્દ્રોને આરામ મળશે.'

' એ તો એકદમ સરળ દેખાય છે.'

'આરામ કરવાની કળા શીખવામાં કોઇ ગૂંચવણભરેલી પદ્ધતિનો આધાર નથી લેવાનો. સાચું કહું તો, અમારી સહેલામાં સહેલી ક્રિયા પણ ઉત્તમ પરિણામો પેદા કરે છે. પગને લંબાવીને જમીન પર ચત્તા સૂઇ રહો. પગની આંગળીઓ બહારની બાજુ રાખો. હાથ લાંબા કરીને શરીરની બંને બાજુ છૂટા રાખો. પ્રત્યેક અંગને ઢીલું કરો. આંખ બંધ કરો. શરીરનો ભાર જમીન પર નાંખી દો. કરોડરજ્જુને સીધી રાખો. અત્યંત આવશ્યક હોવાથી, આ ક્રિયા પથારીમાં કરવી નહિ ફાવે. જમીન પર કામળો પાથરી શકો છો. એ દશામાં પ્રકૃતિમાં આરામદાયક પરિબળો તમને આરામ આપશે. અમે એને શવાસનના નામથી ઓળખીએ છીએ.

જો તમારી ઇચ્છા હોય તો, અભ્યાસદ્વારા આમાંના કોઇ પણ આસનમાં એકાદ કલાક સુધી આરામપૂર્વક રહી શકો છો. માંસ-પેશીઓની થકાવટને દૂર કરીને એ જ્ઞાનતંતુઓને શાંતિ આપે છે. મનની શાંતિ પહેલાં શરીરનાં અંગોને શાંતિ મળી જાય છે.'

'તમારી ક્રિયાઓમાં બીજું કશું નહિ; પરંતુ એક યા બીજી રીતે શાંતિપૂર્વક બેસવાનું જ શીખવવામાં આવે છે!'

'એ શું કાંઇ જ વિસાતમાં નથી? તમે પશ્ચિમવાસીઓ ક્રિયા-શીલ બનવાની જ ઝંખના રાખો છો, પરંતુ આરામની ઉપેક્ષા કરવા જેવી છે ખરી? શાંત જ્ઞાનતંતુઓનો શું કશો જ અર્થ નથી? આરામ અથવા શાંતદશા યોગની શરૂઆતની દશા છે. પરંતુ આપણને જ એની આવશ્યકતા છે એમ નથી સમજવાનું. આખી દુનિયાને એની આવશ્યકતા છે.'

બ્રહ્મના શબ્દો કાંઇ ખોટા નહોતા.

'આજની સાંજ માટે આટલી ક્રિયાઓ પૂરતી છે.' એમણે ઉમેર્યું : 'હવે હું વિદાય લઇશ.'

એમણે જે કાંઇ કહ્યું તે માટે મેં એમનો આભાર માન્યો, અને વધારે માહિતી પૂરી પાડવાની પ્રાર્થના કરી.

'કાલે સવારે તમે મને નદીકાંઠે મળી શકશો.' એમણે ઉત્તર આપ્યો.

સફેદ શાલ શરીરે વીંટીને એમણે હાથ જોડીને મારી રજા માગીને વિદાય લીધી. આટલા આકસ્મિક રીતે પૂરા થયેલા અમારા રસમય વાર્તાલાપને વાગોળવાનું કામ મારે માટે બાકી રહ્યું.

* * *

(ક્રમશઃ)



# રામકથા

(ગતાંકથી ચાલુ) યોગેશ્વરજી

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

એમને થયું કે આવા સાહસપૂર્ણ કાર્ય માટે કોણ તૈયાર થાય?

એમને હનુમાનનું સ્મરણ થયું.

વીરશ્રેષ્ઠ હનુમાન બાજુમાં જ બેઠેલા.

રામના મનોભાવોને જાણી લઇને એમણે કહ્યું : 'તમારી તથા લક્ષ્મણની સેવા માટે હું તૈયાર છું. તે માટે જ મારું જીવન છે. તમારી આજ્ઞા હોય તો બનતી વહેલી તકે એ બૂટી લઇ આવું.'

રામે પ્રસન્ન થઇને એમને આશીર્વાદ આપ્યો : 'હનુમાન, તમે એ કાર્ય જરૂર કરી શકશો. તમે મહાવીર છો અને આવાં મહાન કાર્યો કરવા માટે જ જન્મ્યા છો. તમે મને અણીને વખતે મદદ કરી છે. તેમ જ સુગ્રીવનો પરિચય કરાવ્યો, સીતાની ભાળ કાઢી, અને વિભીષણની મિત્રતામાં મદદરૂપ થયા. હવે લક્ષ્મણના જીવનની રક્ષા કરવાનું કીમતી કામ પણ તમારે જ કરવાનું છે.'

'જે જીવન તમારી સેવા કે સહાયતાના કામમાં લાગે છે તે જીવન જ સાચા અર્થમાં જીવન છે. મારું મોટું ભાગ્ય છે કે મને એવા જીવનની પ્રાપ્તિ થઇ છે.'

સુષેણ વૈદ્ય પાસેથી સંજીવની બૂટીનો પરિચય પ્રાપ્ત કરીને હનુમાન રામ તથા સુગ્રીવને પ્રણામ કરીને આકાશમાર્ગે ચાલી નીકળ્યા.

એમના પ્રાણમાં રામને માટેના ઉછાળા મારતા પવિત્ર પ્રેમે એમના અસીમ સામર્થ્યમાં અભિવૃદ્ધિ કરી.

હિમાલય પર્વતના પવિત્ર પ્રદેશમાં પહોંચીને સંજીવની બૂટીવાળા વિશાળ શિલાખંડને ઊંચકીને હનુમાન લંકા તરફ પાછા ફર્યા ત્યારે એમના અંતરમાં અવર્ણનીય આનંદ ઉછળવા માંડયો.

રાત્રીના અંધકારમાં ફેલાયેલા ચંદ્રના આછા પ્રકાશમાં એ આગળ વધવા માંડયા.

થોડીવારમાં તો, પ્રાતઃકાળના પ્રારંભ પહેલાં જ, બ્રાહ્મમુહૂર્તમાં, એ લંકામાં આવી પહોંચ્યા.

રામ, સુગ્રીવ, વિભીષણ તથા બીજા વાનરયોદ્ધાઓ એમને સંજીવની બૂટી સાથે પાછા ફરેલા જોઇને અતિશય આનંદ પામ્યા.

સુષેણ વૈદ્યે શિલાખંડ પરની એ બૂટીનો પ્રયોગ કરીને લક્ષ્મણને સચેત કર્યા અને એ આંખ ઊઘાડીને ઊંઘમાંથી જાગતા હોય તેમ જાગીને બેઠા થયા ત્યારે સૌની પ્રસન્નતાનો પાર ન રહ્યો. જાગતાવેંત જ એ બોલી ઊઠયા : 'ઊર્મિલા, તું ક્યાં છે? તું કહેતી હોય તો હું પ્રાણપ્યારા રામની તથા સીતાની સાથે એમની સેવા માટે વનમાં જાઉં.'

રામે એને આલિંગન આપીને કહ્યું : 'ઊર્મિલા તો અયોધ્યામાં છે, અને આ તો અયોધ્યા નથી પણ લંકા છે. ઊર્મિલાની અનુમતિથી તું અમારી સાથે વનમાં ક્યારનો ય આવી પહોંચ્યો છે. હવે તો વનવાસનો એ વખત પૂરો પણ થવા આવ્યો છે. એ બધું શું ભૂલી ગયો?'

પરંતુ લક્ષ્મણ જાણે કે એ ન સાંભળતો હોય તેમ બોલ્યો :



'ઊર્મિલા, જાણું છું કે, તારું કાળજું કોડે ભરેલું છે. તને મારા પ્રત્યે પ્રેમ છે. આપણે હજુ હમણાં જ લગ્નગ્રંથિથી જોડાયાં છીએ. એટલે મારી વનમાં જવાની માગણીની તારા પર કદાચ બહુ સારી અસર નહિ થાય. છતાં પણ આ સમય આપણા પ્યારા રામને માટે જેટલું બને તેટલું સમર્પણ કરવાનો છે. તું એવું સમર્પણ કરી શકીશ એવો મને વિશ્વાસ છે. તારું હૃદય એવું ઉત્તમ છે. તું મને રામની સાથે જવા દઇશ તો તારો કાયમ માટે ઋણી રહીશ, ઊર્મિલા!'

લક્ષ્મણના ઉદ્‌ગારોને રામ સમજી ન શક્યા. એ બોલ્યા : 'તું આ શું બોલી રહ્યો છે? ઊર્મિલાએ તો તને હા પાડી, એણે મોટામાં મોટું સમર્પણ કરી બતાવ્યું, એટલે તો તું મારી સાથે આવી શક્યો. એ વાતને તો વરસો વીતી ગયાં.'

સુષેણ વૈદ્યે કહ્યું : 'લક્ષ્મણ હજુ સંપૂર્ણ સચેત નથી થયા, એટલે જ આવા વિચિત્ર ઉદ્‌ગાર કાઢી રહ્યા છે. થોડા વખતમાં એમને પૂરું ચેતન પ્રાપ્ત થશે પછી આવું નહિ બોલે.'

'ઓહો ઊર્મિલા!' લક્ષ્મણ ફરી બોલ્યા : 'તેં મને અરણ્યમાં જવાની અનુમતિ આપીને ઘણું મોટું કામ કરી બતાવ્યું. આવું કીમતી કામ બીજું કોઇ ભાગ્યે જ કરી શકે. ના, સીતાયે ના કરી શકે અને મારાથી યે ના કરી શકાય. રામ આટલા બધા મહાન છે તોપણ કદાચ એ પણ ના કરી શકે. તારું હૃદય અલૌકિક છે, ઊર્મિલા! એને હું નહિ ભૂલી શકું. તારો આશીર્વાદ માગું છું. એ આશીર્વાદ જ મને મારા પુરુષાર્થમાં પ્રેરણા પાશે અને સર્વ પ્રકારે સફળ કરીને અયોધ્યામાં પાછો લાવશે.'

'એના આશીર્વાદથી જ તું ઊગરી શક્યો છે, લક્ષ્મણ!' રામ-

થી બોલ્યા વિના ન રહી શકાયું : 'એ મહાદેવીની લાગણી જ તને જીવાડી શકી. અમારી આંખ આગળ છવાયેલો અંધકાર હવે દૂર થયો.'

થોડીવારમાં તો લક્ષ્મણને સંપૂર્ણ સચેતાવસ્થા પ્રાપ્ત થઇ.

રામને જાણે નવું જીવન મળ્યું.

હનુમાનને પોતાના પરિશ્રમની સફળતાનો સંતોષ થયો.

સમસ્ત વાનરસેનામાં નવો ઉત્સાહ ફરી વળ્યો.

મેઘનાદને એ સમાચાર પ્રાપ્ત થયા એટલે વિશેષ સામર્થ્ય પ્રાપ્ત કરવાની આકાંક્ષાથી પ્રેરાઇને એણે એક યજ્ઞનો આરંભ કર્યો.

એ યજ્ઞની મદદથી એને અજેય બનવાની ઇચ્છા હતી.

પરંતુ વિભીષણની સુચનાનુસાર ચાલીને વાનરસેનાએ એ અમંગલ યજ્ઞનો વિધ્વંસ કર્યો.

એથી ઉશ્કેરાયેલો મેઘનાદ લક્ષ્મણનો સામનો કરવા તૈયાર થયો. પરંતુ ફાવી ન શક્યો. લક્ષ્મણે જોતજોતામાં એનો નાશ કરી દીધો.

મેઘનાદના મૃત્યુથી લંકામાં બધે શોક છવાઇ ગયો.

રાવણ અને મંદોદરી બંનેના દુઃખનો પાર ન રહ્યો.

બીજે દિવસે કુંભકર્ણે મેઘનાદના મૃત્યુનું વેર વાળવાની ઇચ્છાથી અભૂતપૂર્વ પરાક્રમ કરીને સમસ્ત વાનરસેનામાં હાહાકાર મચાવી દીધો.

એણે જુદી જુદી જાતની માયા કરીને મોટા ભાગના વાનરો-ને આંજી દીધા, ભયભીત કર્યા, અને મૃત્યુના મુખમાં હોમી દીધા.



તોપણ વાનરસેનાએ એનો પૂરેપૂરો સામનો કર્યો, અને એને ઘાયલ તથા લોહીલુહાણ કરી દીધો.

બે દિવસના શિરસટોસટના સંગ્રામ પછી રામે એની છાતીને બાણની વર્ષા કરીને ચીરી નાંખી અને એના મસ્તકને પણ ધડથી અલગ કરી દીધું.

મરતી વખતે કુંભકર્ણે રામને સંબોધીને કહ્યું : 'રાવણને મેં સીતાનો ત્યાગ કરવા માટે ઘણો યે સમજાવી જોયો છતાં પણ એણે મારી શિખામણ ન માની. એટલે મારે તમારી સાથે ન છૂટકે લડવું પડયું. મને મૃત્યુનો ભય કે શોક નથી એથી શાંતિથી મરું છું. એ હજુ પણ સમજી જાય તો સારું, નહિ તો પોતાની સાથે સમસ્ત કુળનો નાશ કરશે. કોઇ કોઇને અંજલિ આપવા પણ નહિ રહે.'

એણે રામને મનોમન પ્રણામ કર્યા ને પોતાની આંખ મીંચી દીધી.

(ક્રમશઃ)

યોગનું શિક્ષણ ફક્ત સાધના કરનાર માણસોને જ ઉપયોગી છે એવું નથી. ભલે તમે ધાર્મિક ન હોવ, પરંતુ તમારે જો સારી તંદુરસ્તી જાળવવી હશે અને એક માનસિક રીતે સ્વસ્થ અને શારીરિક રીતે તંદુરસ્ત વ્યક્તિ તરીકે જીવવું હશે, તો યોગ તમને અવશ્ય મદદરૂપ થશે એ માટે આ એક વૈજ્ઞાનિક પદ્ધતિ છે.

યોગેશ્વરજી

સૌજન્ય :

YOGA & TOTAL HEALTH CENTRE

ડો. હિમાંશુ પાઠક,
શ્રી હેમીના પાઠક.

"નિરાંત"
૩૨, દિવાળીબાગ સોસાયટી, સૂર્યપુર સોસાયટી પાછળ,
રાંદેર રોડ, સુરત–૩૯૫૦૦૯

ફોન : (૦૨૬૧) ૬૮૫૨૮૩



શ્રી રામકૃષ્ણદેવના સાન્નિધ્યમાં

# સ્વામી રામકૃષ્ણાનંદ

યશસ્વીભાઈ ય. મહેતા

શ્રી રામકૃષ્ણદેવ જન્મથી જ પોતાની દિવ્યતાને છૂપાવી શક્યા ન હતા. તેમનો જન્મ સુદ્ધાં, ગર્ભધારણના પ્રારંભથી, દિવ્યલીલાને પ્રકટ કરે છે. તેમના માતુશ્રી ચંદ્રાદેવી કામારપુકુરમાં ગામની ધની સુથારણ સાથે શિવદર્શને ગયાં ત્યારે શિવલિંગમાંથી દિવ્ય તેજનો પ્રવાહ તેમના શરીરમાં પ્રવેશતાં જ તેમને પોતાને ગર્ભ રહ્યો હોવાનો તત્કાલ અનુભવ થયો હતો. તે વખતે તેમના પિતા ક્ષુદીરામ યાત્રાએ ગયા પહોંચ્યા હતા અને તે જ રાતે ગયા ક્ષેત્રના દેવતા ભગવાન વિષ્ણુએ તેમને દર્શન આપીને પોતે તેને ત્યાં જન્મ ધારણ કરશે તેમ જણાવ્યું હતું. ક્ષુદીરામે કરગરીને કહ્યું કે, "પ્રભુ, હું ગરીબ બ્રાહ્મણ છું આપને સેવા સુશ્રુષા કરવાનું, આપની સારસંભાળ લેવાનું અમારું ગજું નથી. ત્યારે ભગવાન વિષ્ણુએ કહ્યું કે તેની ચિંતા તારે કરવાની જરૂર નથી. પતિપત્ની મળ્યાં ત્યારે બંનેએ પોતાને થયેલા આ દિવ્ય અનુભવોની જાણ કરી હતી."

ચંદ્રાદેવીની સુવાવડ કરવા ધની સુથારણ જ આવી હતી. બાળકના જન્મ પછી તેને એક માચી ઉપર સુવાડીને ધની ચંદ્રાદેવીની સુશ્રુષામાં લાગી હતી. એ કામ પૂરું થયા પછી તેણે માચીમાં જોયું તો બાળક તેમાં હતું જ નહીં! ધનીને ફાળ પડી કે બાળક ક્યાં ગયું? કોણ એને ઊઠાવી ગયું? સુવાવડ રસોડામાં

બંધ બારણે કરવામાં આવી હતી. ને તપાસ કરતાં બાળક ચુલામાં ભેગી થયેલી રાખ ઉપર રમી રહ્યું હતું. રામકૃષ્ણદેવની દિવ્ય-લીલાનો પ્રારંભ આમ જન્મતાંવેંત જ થયો હતો.

રામકૃષ્ણદેવ તેની પાસે આવતા ભક્તજનોને કહેતા કે આ ખંડમાં (તેમના સ્વરૂપમાં) પ્રવેશવા માટેના તાળાની ચાવી ઊંધી ફેરવવી પડશે તો જ તે ઊઘડશે. એટલે કે ઈશ્વરી જ્ઞાન માટે સાંસારિક ઉપાયો કે સાધનો નિરર્થક છે. તે કામ લાગશે નહીં. ગીતા(૨–૬૯)માં ભગવાન શ્રીકૃષ્ણે એ જ વાત બીજી રીતે કરી છે. "હે અર્જુન, સર્વે પ્રાણીજગત માટે જે રાત્રિ છે તેમાં નિત્ય-શુદ્ધ બોધસ્વરૂપ પરમાનંદમાં ઈશ્વરદર્શન–પ્રાપ્ત યોગી પુરુષ જાગે છે અને જે નાશવાન ક્ષણભંગુર સાંસારિક સુખમાં બધાં પ્રાણીઓ જાગે છે તે તત્ત્વને જાણનાર મુનિ માટે રાત્રિ છે."

રામકૃષ્ણદેવનું જીવન સામાન્ય મનુષ્ય માટે બુદ્ધિગમ્ય કે સમજગમ્ય નથી. કારણ લોકો જેને સારરૂપ ગણે છે તે તેને મન અસારરૂપ હતું. લોકો જેમને સુખદ, આનંદદાયક, શાંતિપ્રદ ગણે છે તે રામકૃષ્ણદેવને મન સંસારનાં બધાં દુઃખોનું અને અશાંતિનું મૂળ કારણ હતું. તેમની દિવ્ય શક્તિ અજોડ અફર અને અગમ્ય છે, જ્યાં જ્યાં શક્તિનું પ્રાકટ્ય થાય છે ત્યાં ત્યાં તેનો આધાર દિવ્યત્વ હોય છે, ત્યાં ઈશ્વરનો આવિર્ભાવ હોય છે. એક અભણ, ગરીબ, ગ્રામીણ, શિષ્ટ ગણાતી રીતભાતોથી અજાણ, માસિક રૂા. સાતનો પગાર મેળવતો કાલીમંદિરનો સામાન્ય પૂજારી ઈશ્વરના અવતાર તરીકે કેવી રીતે માનવામાં આવે? સમગ્ર દુનિયા તેમના વિષે કાંઈ જાણતી ન હતી. આજે દુનિયામાં કોઈ દેશ, પ્રજા નથી કે જ્યાં તેમને પ્રત્યે પૂજ્યભાવથી જોવાતું ન હોય! કોઈ દેખીતા



સાધન કે પુરુષાર્થ વિના જ્યારે મનુષ્ય ઈષ્ટસિદ્ધિ પ્રાપ્ત કરે છે ત્યારે તેની દિવ્યતા, મહત્તાનું અનુમાન કે બોધ થાય છે. પુસ્તકોના અનુશીલનથી, અભ્યાસથી માણસ પ્રકાંડ પંડિત બને છે. મહાન કથાકાર તરીકે પંકાય છે અને ચોતરફ તેની નામના પ્રસરે છે. રામકૃષ્ણે એક પણ પુસ્તક વાંચ્યું ન હતું. છતાં તેમના મુખેથી નીકળતી સરસ્વતી, જ્ઞાનનો પ્રવાહ ભલભલાને મંત્રમુગ્ધ કરતો. તે સમયના મહાન દેશનેતા તરીકે સ્વીકૃત બ્રહ્મોસમાજી કેશવચંદ્રસેન આમાંના એક હતા. તેમના સામયિકમાં રામકૃષ્ણદેવ વચનામૃતનું પાન તે વખતના પ્રબુદ્ધ નાગરિકોને તેમણે કરાવ્યું, ત્યારથી ઘેર ઘેર રામકૃષ્ણદેવ જાણીતા બન્યા હતા. પુસ્તકોને વિષે તેઓ કહેતા : 'ગ્રંથ–ગ્રંથી.' બહુ પુસ્તકો વાંચવાથી હું વિદ્વાન પંડિત છું તેવું અભિમાન થાય છે.

વિદ્વત્તા ને પંડિતાઈ ભરેલી વાતો કરનારાઓને રામકૃષ્ણદેવ આકાશમાં ખૂબ ઊંચે ઊડતા ગીધ સાથે સરખાવતા. જેમ ગીધની નજર ઊંચે ઊંચે આકાશમાં ઊડવા છતાં ધરતી પર પ્રાણીના મૃતદેહો જ શોધતી હોય છે તેમ મોટી મોટી જ્ઞાનવાર્તા કરનારા-ઓનું મન કામિની–કાંચનની પ્રાપ્તિમાં જ લાગેલું હોય છે. ઠાકુર-નો એક શિષ્ય પારસીઓના ધર્મસાહિત્યનો અભ્યાસ કરતો હતો. તેને તેમણે કહ્યું, 'બેટા, આ રીતે મન વધુ અશાંત બનશે. તે કદાચ તારા ઈશ્વરપ્રેમનો નાશ પણ કરે. મનુષ્યના ઈશ્વરપ્રેમને સુદૃઢ બનાવે તેવી રીતે મનને અનુપ્રેરિત કરે તેવું વાંચન અવશ્ય સારું છે. અન્યથા તેનું સેવન અનુચિત છે. રામકૃષ્ણદેવ માકાલીને જ મન પવિત્ર કરવા, પવિત્ર મનમાં આધ્યાત્મિક જ્ઞાનનું પ્રદાન કરવા કરગરતા. ને પછી માએ આપેલા જ્ઞાનના અખૂટ જલ-

ભંડારમાંથી સરવાણીઓ તેમની વાણીદ્વારા વહેતી. રાય, રંક, સાક્ષર, નિરક્ષર. સૌ કોઇ તેમના સાન્નિધ્યમાં પોતાના સંતપ્ત હૃદયમાં શીતલતા અનુભવતા.

તેમની પાસે આવનારા સૌ સંસારીજનોને તેઓ પૂછતા કે શું તમે અક્ષયસુખ પ્રાપ્ત કરવા માગો છો? તો તે સંસારમાં મળતા વિષયભોગોમાં છે, એ ભ્રમમાંથી મુક્ત બની જાઓ. તમે રણમાં ભટકતા મુસાફરો જેવા છો. રણમાં દેખાતાં મૃગજળ કદી ય મુસાફરોની તૃષા મિટાવી ન શકે. તેમ શબ્દ–સ્પર્શ–રૂપ–રસ–ગંધના આકર્ષક વિષયસૂત્રો પાછળ પડવાથી અક્ષયસુખ કેવી રીતે મળી શકે? તેનો સ્રોત તો બીજે છે. મારી મા ભગવતીના પરમ પવિત્ર ચરણકમળોમાં. આ સંસારની બધી નારીઓ મારી માની જ પ્રતિકૃતિઓ, પ્રતિમાઓ છે. મનોમન તેના બાલિકારૂપથી માંડી યુવા–પ્રૌઢ–વૃદ્ધરૂપોમાં મા ભગવતીનાં દર્શન કરી આંખોને, હૃદય-ને પવિત્ર કરો, અક્ષય સુખ કેવળ પવિત્ર મન, પવિત્ર હૃદયમાં જ પ્રકટે છે.

તાજાં જન્મેલાં ગાયના વાછરડાને આનંદમાં કૂદતાં–ઊછળતાં જોયું છે? તેને લાગે છે કે તે આજીવન આનંદમાં જ જીવવા જન્મ્યું છે. પરંતુ તેના ગળા આજુબાજુ દોરડાનો ગાળીયો પડે છે કે તે કાયમ માટે ખીલે બંધાય જાય છે. તેનો આનંદ સૂકાય જાય છે. માણસની આવી જ સ્થિતિ લગ્ન પછી થાય છે. સુખનો ભંડાર મળી ગયો છે એવી કલ્પનામાં રાચતાં મનુષ્યો લગ્નને ખીલે બંધાય જાય પછી તેનું મૂળભૂત ધ્યેય–ઈશ્વરપ્રાપ્તિનું ચૂકી જવાય છે.

શશિ(ભાવિ રામકૃષ્ણાનંદ)ને ઠાકુરે પૂછ્યું : તે સરૂપ ઈશ્વરમાં માને છે કે અરૂપ ઈશ્વરમાં? શશિએ તો ઈશ્વર છે જ નહિ તેથી



આ પ્રશ્ન જ અપ્રસ્તુત છે એમ કહી દીધું. પરંતુ તેનો આ જવાબ કેવળ વાગવિલાસ જ હતો. તેને આ વિષે કોઇ અનુભવ હતો જ નહીં. તત્ક્ષણ ઠાકુરની કૃપાથી તેને અનુભૂતિ થઇ ને આ વિષે કદી ઠાકુર સાથે તેણે વિવાદ કર્યો નહીં. એક વાર ઠાકુર બ્રહ્મોસમાજ મથક ગયા. કેશવચંદ્રસેન ઊંચા આસન પર બિરાજ્યાં હતા. તે ઊભા થઇ ગયા ને ઠાકુરને તેની ઉપર બિરાજમાન થવા કહ્યું. અરે, નહીં રે! હું શું તે માટે અહીં આવ્યો છું? તમે જે ચલાવો છો તે ચલાવો. હું તો કેવળ તમે જે પ્રાર્થના–ઉપદેશ કરો છો તે જોવા માટે જ આવ્યો છું. ઠાકુર માને પ્રાર્થના કરીને કહેતા, મા કેશવને ખૂબ નામ–યશ આપો. મને કેવળ તમારા શ્રીચરણોમાં શુદ્ધ પ્રેમ આપો.

બ્રહ્મોસમાજે પ્રયોજેલ એક નાટક જોવા ઠાકુર ગયા હતા. ત્યાં એક બ્રાહ્મભક્તે તેમને મશ્કરીમાં પૂછ્યું : "કેશવ ગૌરાંગનો અવતાર છે ને પ્રતાપ મઝમુદાર તેના નિત્ય સાથી નિત્યાનંદ છે તો તમે શું છો?" ઠાકુરે માથું નમાવી હાથ જોડીને કહ્યું : "હું તેમનો નમ્ર દાસ છું." કેશવને આ બનાવની જાણ થઇ ત્યારે તે સભ્યને સખ્તાઇપૂર્વક કહ્યું : "ઓ મૂર્ખ! આવી અક્કલ વિનાની વાત કરવાનું તને શી રીતે સૂઝ્યું?" એકવાર ઠાકુર કેશવને ભક્તિની વિવિધ ભૂમિકાઓ સમજાવી રહ્યા હતા. ઠાકુરે વાત પૂરી કરી એટલે કેશવે પૂછ્યું, "તે પછી?" ઠાકુર બોલ્યા, "કેશવ તે પછીની વાત હું કરીશ તો તમારે ઉપદેશનું કામ છોડી દેવું પડશે. આચાર્ય ને શિષ્યના ભેદ ત્યાં અદૃશ્ય બની જાય છે. તે માટે તમારી તૈયારી છે?" કેશવે હાથ જોડીને કહ્યું, "ના. ના. એટલી બધી હદે જવા હું તૈયાર નથી. અહીં જ બસ કરો." રામકૃષ્ણદેવ

કહેતા કે, "કેશવ ઈશ્વરનો સનાતન સેવક છે. ને માનવજાતને મદદ કરવા તે અવારનવાર જન્મ ધારણ કરશે."

ઠાકુર કહેતા કે કોઈ માણસ મારી સામે આવે કે તુરત કાચના કબાટમાં રાખેલ બધી વસ્તુઓની જેમ તેના જીવન વિષેની સંપૂર્ણ જાણકારી મને મળી જાય છે. ઠાકુરની આંખ સામે તે માણસના, ભૂત–ભવિષ્ય–વર્તમાન જીવન જાણી શકતા. કોઈ સંસારીજન તેમને આધ્યાત્મિક જીવનની દીક્ષા–શિક્ષા આપવા વિનવતા. તેમને તેઓ બાલકવત્ નિર્દોષતાથી કહેતા, "હમણાં એ રહેવા દો, સાધુ થવાની તમારે જરૂર નથી તમે સંસારમાં રહી કુટુંબનું પાલનપોષણ કરો. તે માટે કામધંધો કરો."

રામકૃષ્ણદેવ કદિય ઉપદેશ આપતા નહીં. જ્યાં જતા ત્યાં ભક્તોનો સંગ ને તેનો આનંદ લેતા. પરંતુ મા સરસ્વતી એકાએક તેમની જીભ ઉપર બિરાજમાન થઈને બોલવા લાગતી ને સામે બેઠેલ સૌ કોઈ મંત્રમુગ્ધ બની તેમના મુખમાંથી નીકળતી જ્ઞાનધારામાં તરબોળ બની તેમની આધિ–વ્યાધિ–ઉપાધિના બધા બોજામાંથી મુક્તિનો આનંદ અનુભવતા.

[નોંધ : આ અનુવાદ નહીં ભાવાલેખ છે.]

(ક્રમશઃ)



# ગાયત્રી મિમાંસા–(૨)

પરમાર્થી

ગાયત્રીનો મહિમા ગાતી વખતે ઋષિ યાજ્ઞવલ્ક્ય કહે છેઃ–

ગાયત્રી વેદજનની ગાયત્રી પાપનાશિની।
ગાયત્ર્યાસ્તુ પરં નાસ્તિ દિવિ ચેહ પાવનમ્॥

અર્થાત્ ગાયત્રી સર્વને પવિત્ર બનાવે છે અને તે સર્વ પાપોમાંથી મુક્ત પણ કરે છે તેથી સર્વ વેદોની તે માતા છે. હૃદયમાં રહેલા પરમાત્માનું ધ્યાન કરતા કરતા ઋષિઓને દિવ્ય વાણી સંભળાતી રહી. આ ગાયત્રી પણ દિવ્ય વાણી જ છે. તેમાંથી સર્વ વેદોની ઉત્પત્તિ થઈ છે. ઋષિઓએ દિવ્ય વાણી ન સાંભળી હોત તો વેદની રચના પણ થાત નહીં. તેથી ઋષિ યાજ્ઞવલ્ક્ય 'વેદજનની' કહીને નવાજે છે. કહેવાય છે કે ચારે વેદોમાં બધા મળીને વીસ હજાર ત્રણસો મંત્રો છે. આ બધા મંત્રોમાં જો કોઈ સારરૂપ મંત્ર હોય તો તે આ ગાયત્રીમંત્ર જ છે. એટલા માટે તો એને મહામંત્ર પણ કહેવામાં આવે છે. આ મહામંત્ર ગંભીર અર્થથી સભર પણ છે. અથર્વવેદના ઓગણીસમા કાંડના ઈકોતેરમા સૂક્તની પ્રથમ ઋચામાં ગાયત્રીમંત્રનું માહાત્મ્ય આ રીતે દર્શાવાયું છે :

સ્તુતા મયા વરદા વેદમાતા પ્રચોદયન્તાં પાવમાની દ્વિજાનામ્।
આયુઃ પ્રાણં પ્રજાં પશું કીર્તિં દ્રવિણં બ્રહ્મવર્ચસમ્
મહ્યં દત્વા વ્રજત બ્રહ્મલોકમ્॥

અર્થાત્ લોકોને પવિત્ર કરનારી, બધાંને બુદ્ધિ અને કર્મમાં

પ્રેરનારી તથા વરદાન આપનારી વેદમાતા ગાયત્રીની મેં સ્તુતિ કરી. મને આયુષ્ય, તંદુરસ્તી, સંતાન, પશુ, કીર્તિ, ધન અને બ્રહ્મતેજ આપી બ્રહ્મલોકમાં પ્રયાણ કરો! આ રીતે ગાયત્રીમંત્રની ઉપાસના સર્વ પ્રકારના કલ્યાણને માટે થતી આવી છે તે અથર્વવેદદ્વારા જાણી શકાય છે. આવો જ મહિમા મનુસ્મૃતિ, અત્રિસ્મૃતિ, બૌદ્ધાયનસ્મૃતિ જેવા ગ્રંથોમાં પણ ગાવામાં આવ્યો છે. આયુર્વેદાચાર્ય ચરકે પણ ગાયત્રીમંત્રનું મહત્ત્વ સ્વીકાર્યું છે. અદ્યતન સમયમાં રામકૃષ્ણ પરમહંસ, લોકમાન્ય તિલક, વિવેકાનંદ, ટાગોર, સાતવડેકરજી તથા મહાત્મા ગાંધીજીએ પણ ગાયત્રીનો મહિમા ગાયો છે. ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન્ તો કહે છે : "ગાયત્રી મનુષ્યને પુનઃ નવજીવન આપનાર બેનમૂન પ્રાર્થના છે."

ચારે વેદોમાં ગાયત્રીમંત્રનો સમાવેશ કરવામાં આવ્યો છે. ઋગ્વેદમાં અધ્યાય–૪ મંડળ–૧૦૫ સૂક્ત ૩ માં ૬૨ મો શ્લોક ગાયત્રીમંત્ર તરીકે સૌ પ્રથમ પ્રસિદ્ધિ પામ્યો હતો. પછી તો યજુર્વેદમાં ને સામવેદમાં પણ તેનો સમાવેશ કરવામાં આવ્યો હતો. યજુર્વેદ સંહિતામાં ત્રીજા અધ્યાયનો ૩૫ મો શ્લોક ગાયત્રીમંત્ર તરીકે પ્રસિદ્ધ છે. સામવેદમાં તો ગાયત્રી ઉપનિષદ્ અલગ જ છે. વેદ પછીના સમયમાં છાંદોગ્ય ઉપનિષદ્, બૃહદારણ્યક ઉપનિષદ્ અને નારાયણોપનિષદ્ ગ્રંથરત્નોમાં પણ ગાયત્રીની સારી ચર્ચા કરવામાં આવી છે. બ્રહ્મહત્યા જેવા તમામ પાપો ગાયત્રીમંત્રના જપથી નાશ પામે છે એવી પદ્મપુરાણ ઘોષણા કરે છે. અગ્નિપુરાણ ને ભવિષ્યપુરાણમાં તો ગાયત્રીને સર્વોપરી માની રહસ્યાત્મક વાતો કરવામાં આવી છે. મહાભારતમાં સંજયદ્વારા ધૃતરાષ્ટ્રને ગાયત્રીનો મહિમા સમજાવવામાં આવ્યો છે :



ય એતાં વેદ ગાયત્રીં પુણ્યાં સર્વ ગુણાન્વિતમ્।
તત્ત્વેન ભરતશ્રેષ્ઠ સ લોકે ન પ્રણશ્યતિ॥

અર્થાત્ ગાયત્રી તત્ત્વનું જ્ઞાન તો માત્ર પૃથ્વીલોકમાં જ થઈ શકે છે તેથી તે જાણનારનો કદી વિનાશ થતો નથી. દેવી ભાગવતમાં તો પચ્ચીસ જેટલા અધ્યાયો ગાયત્રીના મહિમા દર્શાવનારા છે.

યોગશાસ્ત્રમાં ગાયત્રીમંત્રને વિશિષ્ટ રીતે સમજાવ્યો છે. કુંડલની શક્તિના ઉત્થાન માટે ગાયત્રીમંત્રના જાપનો ઉપયોગ દર્શાવવામાં આવ્યો છે. ત્યાં 'પ્રચોદયાત્' ક્રિયાપદને જરા જુદા જ અર્થમાં લીધું છે. ચુદ્ધાતુનો અર્થ લિંગ કરવામાં આવ્યો છે. ઉપસર્ગ 'પ્ર'ને તેમાં સૂતેલ કુંડલિની શક્તિના ઉત્થાન માટેની પ્રાર્થનાનો સૂચક ગણ્યો છે. ત્રણ પ્રાણાયામ કર્યા પછી ગાયત્રીના જપની વિધિ બતાવવામાં આવી છે. વસિષ્ઠ સંહિતામાં ગાયત્રી પુરશ્ચરણ કરનારે ભૂતશુદ્ધિ કરવી આવશ્યક ગણી છે :

ભૂતશુદ્ધિ વિહીનેન જપપૂજાદિકં કૃતં।
સર્વં નિરર્થકં વિદ્ધિ વિપરીત ફ્લાર્થદમ્॥

અર્થાત્ શરીરની શુદ્ધિ ન કરવામાં આવે તો જપપૂજા વિગેરે સર્વ ક્રિયાઓ નકામી બની જાય છે અને વિપરીત ફળ પણ આપે છે. ઊલટો જાપ કરવાની પદ્ધતિ પણ તેમાં બતાવવામાં આવી છે. ખાસ કરીને યુદ્ધવિદ્યામાં તેનો ઉપયોગ થાય છે. બ્રહ્માસ્ત્રની પ્રાપ્તિ માટે ઊલટાક્રમે જપવાની વિધિનો નિર્દેશ કરવામાં આવ્યો છે. આ રીતે ભારતીય દર્શનશાસ્ત્રોમાં ગાયત્રીનો જુદી જુદી રીતે મહિમા ગાવામાં આવ્યો છે.

સગુણ સાકાર બ્રહ્મની કલ્પનાનું બીજ માનવીય સ્વભાવમાં

રહેલું લાગે છે. કારણ કે માનવ પોતે સગુણ ને સાકર છે. તેના મનમાં માનવની આકૃતિ જેવા મનોગમ્ય સાકારોનો ઉદ્‌ભવ થયા કરે તે સ્વાભાવિક ગણાય. તે આકારોમાં પોતાના હૃદયના ભાવોનું તે આરોપણ કરે તો તેને પસંદ પણ પડે છે. તે જ હિસાબે યાજ્ઞવલ્ક્યે ગાયત્રીને વેદમાતા કહી હોય તો આશ્ચર્ય શું? જે પ્રારંભમાં છંદ હતો તેને દિવ્યમંત્રનું સ્વરૂપ આપ્યું. મંત્રોના શબ્દોમાં ઘણી શક્તિ છે એવો તે સમયે ઘણાએ અનુભવ પણ કર્યો. મંત્રો ફળ આપતા જણાયા એટલે તેને માતાનું સ્વરૂપ આપ્યું. માતા બાળકને માટે સહજ ને સરળ હોય છે. એટલું જ નહીં પણ દુનિયાનું તમામ સુખ માતાના ખોળામાં બાળક અનુભવે છે. ગાયત્રીની ઉપાસનાથી તેવી જ સુવિધા સાધકને મળવા લાગી હતી. તેથી ગાયત્રીમંત્ર સાધકને સરળ ને સહજ બની ગયો. તેના જપથી અનેક પ્રકારનાં સુખો સુલભ થયાં. મહાનારાયણ ઉપનિષદ્ "ગાયત્રી છન્દસામ્ માતેતિ" એમ કહે છે ત્યારે ગાયત્રી છંદને પણ મહત્ત્વ મળી ગયું કહેવાય. છંદોમાં ગાયત્રી માતાની જેમ ઉત્તમ છે. બીજા છંદો અટપટા ને અઘરા લાગે પણ ગાયત્રી તો સાવ સરળ ને સાદો. માત્ર ત્રણ પાદને ચોવીસ અક્ષરનું તેનું સ્વરૂપ. બીજા કોઈ નિયમો નહીં. તેથી કવિને તે સહેલો છંદ લાગે. કવિ પોતાના હૃદયને અથવા હૃદયના ઊંડાણોમાં સંચરતા સૂક્ષ્મ ભાવોને ગાયત્રી છંદમાં સરળતાથી પ્રવાહિત કરી શકે છે. માતાના સુખની સરખામણીમાં બાળકને બીજું સુખ જેમ સાવ તુચ્છ લાગે તેમ સાધકને આધ્યાત્મિક સુખની પ્રાપ્તિ માટે ગાયત્રીમંત્ર સિવાય અન્ય મંત્રો સાવ નજીવા લાગે. આ રીતે સાધકોએ ગાયત્રીમાં માતૃત્વનું આરોપણ કર્યું અને એક પવિત્ર તેમ જ પ્રભાવક મંત્ર તરીકે તેને પ્રસિદ્ધ બનાવ્યો.



આધુનિક યુગમાં મહર્ષિ અરવિંદ ગાયત્રીને સ્હેજ જુદા દૃષ્ટિકોણથી મૂલવે છે. ભર્ગ–પ્રકાશ–તે ગાયત્રી અને તેથી જ તે જ્ઞાનદાત્રી પણ કહેવાય છે. વેદોમાં જેને ઉમા હેમવતી કહે છે તે જ ગાયત્રી. તેની અનુભૂતિ કરનારા વર્ણન કરે છે કે તેનો વર્ણ સોનેરી છે. એટલે કે સૂર્યના તેજ જેવા રંગવાળી તે છે. જ્યારે સાવિત્રી તો રૂપાંતરકારી શક્તિ કહેવાય. તેને સૂર્યપુત્રી તરીકે પણ ઓળખવામાં આવે છે. મહર્ષિના મત અનુસાર સૂર્યમાં એટલે કે સવિતૃમાં બે પ્રકારની શક્તિ છે–એક તો પ્રકાશ કે જે દ્વારા માનવની બુદ્ધિને પ્રેરણા પ્રાપ્ત થાય છે. બીજી સૌરશક્તિ કે જે રૂપાંતરકારી છે. મહર્ષિ અરવિંદ તેને સર્જક શક્તિ તરીકે પણ વર્ણવે છે. સાવિત્રી મહાકાવ્યમાં સાવિત્રીને અનુભવ થાય છે કે આ સર્જક શક્તિ તે પોતે જ છે. આ પ્રકારનું દર્શન હોવાથી મહર્ષિ અરવિંદે સાવિત્રી મહાકાવ્યમાં એક જુદા જ ગાયત્રીમંત્રનું સર્જન કર્યું છે–

ઓમ્ તત્ સવિતુઃ વરમ્ રૂપમ્।<br>
જ્યોતિઃ પરસ્ય ધીમહિ।<br>
યન્નઃ સત્યેન દીપયેત્॥

અર્થાત્ સૂર્યનું તેજ જે શ્રેષ્ઠ સ્વરૂપનું છે તે પોતાના મૂળસ્વરૂપને અમારી મારફત પ્રગટ કરે એવું અમે ધ્યાન કરીએ છીએ.

વિશેષમાં મહર્ષિ અરવિંદ એવો ખુલાસો કરે છે કે દિતિ પ્રભુ-ના આવિર્ભાવને વારંવાર ઢાંકે છે જ્યારે અદિતિ તો પ્રભુની શક્તિના આવિર્ભાવને પરખે છે, ઝીલે છે અને તે પોતે પ્રભુ-પરાયણ થવા પ્રયત્ન પણ કરે છે. તેથી દિતિદ્વારા જે વંશ આ

ધરતી પર થયો તે પ્રભુની શક્તિનો વિરોધ કરનારો થયો. દાનવ, રાક્ષસ કે અસુર તરીકે તે ઓળખાયો. જ્યારે સુર, દેવ કે નારાયણ તરીકે જે ઓળખાયો તે તો અદિતિનો વંશ હતો. આ બંનેનો ઉદ્‌ભવ પ્રભુની એકમાંથી અનેક થવાની ઈચ્છાઓમાંથી જ થયો કહેવાય. મહર્ષિ અરવિંદ આવા દૃષ્ટિકોણથી અદિતિનો સંદર્ભ ગાયત્રી સાથે જોડી દે છે અને ગાયત્રીના મહિમાને વધારે છે.

જ્યારે સવિતા શબ્દપરથી સાવિત્રી શબ્દ નિષ્પન્ન થયો છે એવું વેદના પ્રખ્યાત ભાષ્યકાર સાયણાચાર્ય અનુસાર કહી શકાય. ગાયત્રીમંત્રમાં પરમેશ્વરને સવિતાના નામે આહ્‌વાન કરવામાં આવે છે. સવિતા શબ્દ સૂ–સવ્ ધાતુ પરથી બન્યો છે, જેનો અર્થ સર્જક અથવા તો સૃષ્ટિપર સત્તા ચલાવનાર શક્તિ એવા થાય. ઋગ્વેદના પાંચમા મંડલના બ્યાસીમા સૂક્તની બીજી ઋચા આ પ્રમાણે છે–**अनुप्रयाणमुष सो विराजति।** સાયણાચાર્ય "ઉષસો"ને સમજાવતાં આ પ્રમાણે કહે છે–**उषसः प्रादुर्भावानन्तरं सूर्यस्य उदयात् पूर्वम् यः कालस्य अभिमानी देवः सवितोच्यते।** અર્થાત્ ઉષાના આગમન પછી સૂર્યોદય પહેલાંનો જે કાળ છે તે સમયના સૂર્યને સવિતા કહેવામાં આવે છે. તે સવિતામાં પરમાત્માના તેજનો આવિર્ભાવ થાય છે તેથી તેને "વરેણ્ય" ગાયત્રીમંત્રમાં કહ્યો. તે તેજની પ્રાર્થના ગાયત્રીમંત્રમાં કરવામાં આવી છે તેનો પ્રાચીન કે અર્વાચીન સર્વ સત્પુરુષોએ સ્વીકાર કર્યો છે.

આ રીતે આ મંત્ર વિપરીત માર્ગે જતી બુદ્ધિને સન્માર્ગે દોરનારો, પ્રસુપ્ત બુદ્ધિને જાગૃત કરનારો અને સામાન્ય બુદ્ધિને અસામાન્ય બનાવનારો છે. ઋષિઓ જે ઋતંભરાપ્રજ્ઞાની વાત કરે છે તેને જન્માવનારો આ મંત્ર છે. વેદકાલીન ઋષિઓએ અને



ત્યારપછી ઘણા મહાપુરુષોએ તેનો પ્રત્યક્ષ અનુભવ કર્યો હતો. તે જ રીતે વીસમી સદીમાં પૂ. યોગેશ્વરજીને પરાવાણી સ્વરૂપે તે મંત્ર સંભળાયો હતો તે હકીકતનો સ્વીકાર આપણે કરવો જોઈએ. તેને કાલ્પનિક ગણીને ચાલીશું તો આપણે સત્યની અવહેલના કરી ગણાશે. સાધનાની અવસ્થામાં જે અનુભૂતિ થતી હોય છે તેની અવગણના કદી ન થઇ શકે. પૂ. માએ ગાયત્રીનો જે મંત્ર ગાઇ સંભળાવ્યો તેનું કારણ પૂ. યોગેશ્વરજીને તે મંત્ર તે સ્વરૂપે જ સંભળાયો હતો. તે સત્યને સહુ સમજીને સ્વીકારી શકે તે હેતુથી જ આટલી વિશદતાથી ગાયત્રીમંત્રની ચર્ચા કરી છે. ગીતાના દસમા અધ્યાયમાં પોતાની વિભૂતિનું વર્ણન કરતા ભગવાન શ્રીકૃષ્ણ કહે છે, 'છંદસામહમ્' એટલે કે ગાયત્રી છંદ હું પોતે જ છું. પૂજ્યશ્રીને આ મંત્ર સંભળાયો એનો અર્થ એ થયો કે પ્રભુ શબ્દસ્વરૂપે બ્રહ્માંડમાં વ્યાપકપણે હાજર હોય છે તેની પ્રતીતિ પણ કરાવી. શબ્દ બ્રહ્મસ્વરૂપે મનાય તે આ દૃષ્ટિથી. ગાયત્રીમંત્રના સ્વરૂપદ્વારા પૂજ્ય યોગેશ્વરજીને પરમાત્માનો જ અનુભવ થયો ગણાય.

○

## * મારે હવે... *

મારે હવે થાવું છે હળવા ફૂલ,
ઉભય-લોકમાં આવન-જાવન,
લેખે લાગે એવો પૂલ. મારે હવે૦
આજ લગી શિર ધારી શિલાઓ
વેઠયાં શાં કળતર-શૂલ!
વૈતરણી ભવની તરવામાં
જીવન મોંઘુ ડૂલ.
જાગ્યા ત્યાંથી સવાર ગણીને,
લેવી સુધારી ભૂલ. મારે હવે૦
પુષ્પે જેવું પતંગિયું પોઢે,
જનની અંક શિશુક;
અંક પ્રભુને ઢળવું મારે
ઢળતી સાંજ અચૂક!
ગાફિલ થૈ ના કરવું મારે
જીવતર હળવું તૂલ. મારે હવે૦
આવી ગયો અણસાર આગમનો
કરમાયાં બાગે ગૂલ,
તાણાવાણા તૂટવા લાગ્યા
જીરણ થૈગ્યું દુકૂલ!
ભૂલ ભ્રાંતિની ભાંગવી મારે
અંતર ભોંકાય શૂલ. મારે હવે૦
ઉભય-લોક શું આવન-જાવન
લેખે લાગે એવો પૂલ
મારે હવે થાવું છે હળવા ફૂલ. મારે હવે૦

— ડૉ. રણજિત પટેલ (અનામી)

## * કર્મ કરતાં અકર્મીની દશા કેવી હોય? *

કર્મમાં અકર્મની દશા માણવા માટે, કર્મ કરવા છતાં પણ અકર્તા રહી શકાય તે માટે માણસે 'હું કરું છું' એવા કર્તાપણાના અભિમાનમાંથી છૂટવાની જરૂર છે. અહંકાર-નો ત્યાગ કરીને નમ્ર બનવાની જરૂર છે. તે પછી જે કામ કરવામાં આવે તે પ્રભુપ્રીત્યર્થે કરવાની જરૂર છે. સંસારમાં એક ઈશ્વર જ રહેલા છે, ને સંસાર ઈશ્વરનું જ સ્વરૂપ છે, એમ માનીને સદા તેની સેવા કરવાની જરૂર છે. કોઈને કાંઈ પણ આપવાનો પ્રસંગ આવે તો તેને ઈશ્વરનો પ્રતિનિધિ સમજી જે આપવું હોય તે આપવાથી લાભ થશે. મહાપુરુષો કહી ગયા છે કે દુઃખી, અપંગ, ભૂખ્યાં ને અનાથમાં પણ ઈશ્વરનું દર્શન કરો. તેમની અંદર રહેલા ઈશ્વરને તમારી સેવા અર્પણ કરો. એમના કથન પ્રમાણે આજે પણ કેટલેક ઠેકાણે દીન ને દુઃખીની સેવા થાય છે; નગ્ન ને ચીંથરેહાલને વસ્ત્રો અપાય છે, ને ભૂખ્યાને અન્નનું દાન દેવાય છે. ભારતના ઋષિવરોએ ફક્ત માનવમાં નહિ, પણ જીવમાત્રમાં ઈશ્વરનું દર્શન કરવાનું કહ્યું છે, ને જીવમાત્રની સેવા કરવાનો સંદેશ આપ્યો છે. આ આખુંયે જગત ઈશ્વરના નિવાસરૂપ છે, ને ઈશ્વરથી છવાયેલું છે. તેમાં વસનારા જીવો ઈશ્વરના પ્રતિનિધિ જેવા છે. તેમનામાં માણસે ઈશ્વરનું દર્શન કરતાં શીખવાનું છે.

યોગેશ્વરજી

# * પૂર્ણ પુરુષ બીજાને મદદરૂપ છે. *

ત્યારે શું આ દશાએ પહોંચ્યા પછી તે કોઈને કામ નહિ આવે? તેનું પોતાનું જીવન તો પરિપૂર્ણ બન્યું, પણ બીજાને તે મદદરૂપ નહિ બને? જરૂર બનશે. તેવો મહાપુરુષ આ સંસારમાં કેવલ શ્વાસ લેશે તોપણ બીજાને માટે પ્રેરણાદાયક બની રહેશે. તેનું દર્શન માનવજાતિને જીવનના પૂર્ણ વિકાસની પ્રેરણા પાશે, ને ઈશ્વરી માર્ગે પ્રવાસ કરતા સાધકોને સંદેશ દેશે. સંસારમાં ગળાબૂડ ડૂબેલા ને ઈશ્વરને ભૂલેલાં માણસોને માટે તેનું જીવન લાલબત્તી જેવું બનશે. સંસારમાં આપણે જોઈએ છીએ કે દરેક વસ્તુદ્વારા બે જાતના હેતુ સરી રહે છે. સૂર્યનો પ્રકાશ તેની શોભામાં વધારો કરે છે, ને સાથે સાથે સ્વાભાવિક રીતે જ, બીજાને માટે માર્ગદર્શક બની રહે છે. ફૂલ જે ડાળી પર ખીલે છે તેની શોભાને વધારે છે પણ સાથે સાથે આજુબાજુના વાતાવરણમાં સુવાસ પણ ફેલાવે છે. નદી પોતાના આનંદમાં મગ્ન બનીને સાગરની દિશામાં વહ્યે જાય છે, પણ તેની સાથે લોકકલ્યાણનો હેતુ આપોઆપ સરી રહે છે તેવી રીતે મહાપુરુષોનું જીવન સંસારને માટે મદદરૂપ જરૂર બને છે. તેમનું એકલાનું નહિ, પણ સમસ્ત સંસારનું થઈ જાય છે. ઈશ્વરને ભૂલીને જડવાદના ઉપાસક થઈ જતા માનવને તેવા મહાપુરુષો નીતિ ને આધ્યાત્મિક જીવનનો રાહ બતાવે છે. માનવના અંધારભરેલાં જીવનને અજવાળામાં તે ખૂબ મદદરૂપ બને છે. યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાન:–પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧.